To.....

# ન્યૂઝ લાઈન સીધા સમાચાર

E-mail : newslinesidhasamachar@yahoo.co.in www.newslinesidhasamachar.com

RNI NO.: 63875/96 POST. REG.NO. GAMC-1845/2015-2017 Valid up to 31 Decmber - 2017 Posting at Ahmedabad RMS/2

ન્યૂઝ લાઈન સીધાસમાચાર દૈનિકમાં સમાચાર, પ્રેસનોટ અને જાહેરાત આપવા સંપર્ક કરો તેમજ આપનાં વિસ્તારના પ્રશ્નો અને ફરિયાદ માટે ફેક્સ અથવા ઈ-મેઈલ કરો ફેક્સ નં. : ૦૭૯-૨૬૫૮૫૧૧૭
E-mail : newslinesidhasamachar@yahoo.co.in sidhasamachar@gmail.com

વર્ષ : ૧૯, અંક : ૨૬૨ તા. ૧૩ ઓક્ટોબર - ૨૦૧૭, શુક્રવાર, વિ.સ.-૨૦૭૩, આસો વદ - ૮, પાના - ૪ - કિંમત : ૧-૦૦ રૂા., તંત્રી : નિશાબેન સુરેન્દ્રસિંહ રાજપૂત, એફ-૪,વિશાલ કોમર્શિયલ સેન્ટર,દિનેશ હોલ પાસે, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, Ph.-26585115,Fax-26585117

# હિમાચલ વિધાનસભાની ચૂંટણીનું ૯મી નવેમ્બરે મતદાન

નવી દિલ્હી,તા. ૧૨

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની આજે જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થશે અને ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે. આ વખતે રાજ્યમાં પણ આમા મતદાન મથકો ઉપર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. દેશમાં હિમાચલ પ્રદેશ એવું પ્રથમ રાજ્ય બનશે જ્યાં તમામ મતદાન મથકો પર વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રાયલનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાતની સાથે હિમાચલ પ્રદેશમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે તારીખોની જાહેરાત કરી ન હતી જેની ચર્ચા રહી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર અચલકુમાર જ્યોતિએ હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુંકે, રાજ્યમાં નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે મોટી તૈયારી કરવામાં આવી છે. રાજ્યમાં મોટાપાયે અર્ધલશ્કરી દળોની તૈનાતી કરવામાં આવનાર છે. હિમાચલમાં ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયા બાદ હવે રાજકીય પક્ષોમાં ગરમી જામી ગઈ છે. ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ માટે રાજ્યના તમામ ૭૫૨૧ મતદાન મથકો ઉપર ગ્રાઉન્ડ ફ્લોર પર જ મતદાનની પ્રક્રિયા રાખવાનો નિર્ણય કર્યો છે. તમામ પોલિંગ સ્ટેશન પર દિવ્યાંગો માટે ખાસ સુવિધા ગોઠવવામાં આવી છે. મતદાન, ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા, ચૂંટણી સભાને લઈને વિડિયોગ્રાફી કરવામાં આવશે. કાઉન્ટિંગ હોલમાં પણ વિડિયોગ્રાફી કરવામાં આવશે. રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે ખર્ચની મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. દરેક ઉમેદવાર ચૂંટણી દરમિયાન ૨૮ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકશે. ચૂંટણી પરિણામની જાહેરાતના ૩૦ દિવસની અંદર ઉમેદવારોને ખર્ચ સાથે સંબંધિત વિગતો આપવી પડશે. ચૂંટણી પંચની આ વખતે સોશિયલ મિડિયા ઉપર પણ ચાંપતી નજર રહેશે. પેઈડ ન્યુઝ માટે ચૂંટણી પંચે જિલ્લા, રાજ્ય અને કેન્દ્રીય ચૂંટણીપંચ સ્તર સુધી ત્રિસ્તરીય કમિટિની રચના કરી છે. હાલમાં હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની સરકાર છે. વર્તમાન મુખ્યમંત્રી વીરભદ્રસિંહ છ વખત રાજ્યના મુખ્યમંત્રી રહી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટી આ વખતે પણ તેમના નેતૃત્વમાં ચૂંટણી લડી રહી છે. હિમાચલ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચારસંહિતા અમલી થઈ ગઈ છે જેથી હવે કોઈ નીતિવિષયક નિર્ણય લઈ શકાશે નહીં. ૧૮મી ડિસેમ્બરના દિવસે હિમાચલમાં વિધાનસભાની ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હિમાચલ પ્રદેશમા ચૂંટણીને લઈને પહેલાથી જ ચૂંટણી પંચ દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી છે. ચૂંટણી પંચનું કહેવું છે કે, ૨૦૦૭ અને ૨૦૧૨માં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત જુદી જુદી રીતે કરવામાં આવી હતી. ચૂંટણી પંચનું કહેવું છે કે, ભેલ અને ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસેથી ૪૦ લાખ ઈવીએમ અને વીવીપેટ મળી જશે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી જુદી જુદી રીતે યોજવામાં આ બંનેની મહત્વપૂર્ણ ભૂમિકા છે. પેઈડ ન્યુઝના સંદર્ભમાં દૂષણને રોકવા માટે ચૂંટણી પંચે કહ્યું છે કે, વિધાનસભાની ચૂંટણીમાં રાજ્ય અને જિલ્લા સ્તરે અલગ કમિટિઓ બનાવવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં સીસીટીવી કવરેજ અને બ્રોડકાસ્ટ સુવિધા સાથે વિડિયોગ્રાફ કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી કેમરાઓ, પ્રતિક અને ઈવીએમ સ્ટોરેજની વ્યવસ્થા કરશે. હવામાનની કોઈપણ તકલીફ ન નડે તે માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતી વેળા બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં મતદાન અને મતોની ગણતરી વચ્ચે વધારે અંતર રાખવામાં આવ્યું નથી.

## ૧૮ ડિસેમ્બરના દિવસે મતગણતરી : તમામ પોલિંગ સ્ટેશનો પર વીવીપેટનો ઉપયોગ કરવાની પણ જાહેરાત : આચારસંહિતા તાત્કાલિક અમલી બનાવાઈ

### અલ્હાબાદ હાઈકોર્ટે પુરાવાના અભાવમાં નિર્દોષ જાહેર કર્યા

## આરુષિ-હેમરાજ હત્યા કેસમાં તલવાર દંપત્તિ આખરે નિર્દોષ



નોઈડા,તા. ૧૨

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર આરુષિ-હેમરાજ હત્યાકાંડમાં આજે અલ્હાબાદ હાઈકોર્ટે રાજેશ અને નુપુર તલવારને મોટી રાહત આપી દીધી હતી. મામલાની તપાસમાં અનેક ખામીઓનો ઉલ્લેખ કરીને કોર્ટે તલવાર દંપત્તિને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. પુરાવાના અભાવે તલવાર દંપત્તિને નિર્દોષ છોડવામાં આવી ગયા છે. આવતીકાલે કોર્ટમાંથી તેમની મુક્તિ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હાઈકોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આરુષિની હત્યા તેના માતા-પિતા દ્વારા કરવામાં આવી ન હતી. કોર્ટે કહ્યું હતું કે, આવા મામલામાં સુપ્રીમ કોર્ટ પણ આટલી કઠોર સજા આપતી નથી. એમ માનવામાં આવે છે કે, હાઈકોર્ટે તલવાર દંપત્તિ તાત્કાલિકરીતે છોડી મુકવાનો આદેશ કરવામાં આવ્યા બાદ આવતીકાલે તેમને છોડી મુકવામાં આવશે. જસ્ટિસ એકે મિશ્રાએ ચુકાદો વાંચીને સંભળાવ્યો હતો. વકીલોનું કહેવુંછે કે, રાજેશ અને નુપુર હવે આવતીકાલે જેલમાંથી છુટી જશે. આ મામલામાં આજે બપોરે ૨.૫૦ વાગ્યાની આસપાસ બંને જજ દ્વારા ચુકાદા ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તલવાર દંપત્તિએ આજીવન કારાવાસની સજા સામે અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે જ્યારે નિચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી કાઢ્યો છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, આજીવન કારાવાસની સજા આપનાર પૂર્વ જજ શ્યામલાલ પણ આજે અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચ્યા હતા. ચુકાદો આવતા પહેલા તલવાર દંપત્તિ પરેશાન દેખાઈ રહ્યા હતા. સવારે હેલ્થ ચેકઅપ દરમિયાન બંનેના બ્લડપ્રેશર પણ વધેલા હતા. તલવાર દંપત્તિએ દાસના જેલમાં ટીવી મારફતે ચુકાદા અંગે સાંભળતા ભાવનાશીલ બની ગયા હતા. પોતાની પુત્રી આરુષિની હત્યાના આરોપ તલવાર દંપત્તિ હાલમાં ગાઝિયાબાદની દાસના જેલમાં છે. આશરે ૯ વર્ષ પહેલા નોઈડાના સેક્ટર ૨૫ સ્થિત જલવાયુવિહારમાં થયેલા આ હત્યાના રહસ્યને લઈને પોલીસે તપાસ કરી હતી. ત્યારબાદ હોબાળો મચી ગયા બાદ સીબીઆઈની બે ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. ગાઝિયાબાદ સ્થિત ખાસ સીબીઆઈ કોર્ટે ૨૬મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે રાજેશ, નુપુરને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. આનાથી એક દિવસ પહેલા તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તલવાર દંપત્તિની અરજી ઉપર જસ્ટિસ બીકે નારાયણ અને જસ્ટિસ એકે મિશ્રાની બેંચે ૭મી સપ્ટેમ્બરના દિવસે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ચુકાદા સાંભળવાની તારીખ ત્યારબાદ ૧૨મી ઓક્ટોબરના દિવસે નક્કી કરાઈ હતી. મે ૨૦૦૮માં નોઈડાના જલવાયુવિહાર વિસ્તારમાં આરુષિનો મૃતદેહ મળી આવ્યો હતો. શરૂઆતમાં શંકાની સોય નોકર હેમરાજ તરફ ગઈ હતી પરંતુ બે દિવસ બાદ તેનો મૃતદેહ પણ છત ઉપરથી મળી આવ્યો હતો. ઉત્તરપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી માયાવતીએ મામલાની તપાસ સીબીઆઈને સોંપી હતી. તત્કાલિન આઈજી ગુરદર્શન સિંહે ૨૩મી મે ૨૦૧૫ના દિવસે નોઈડા પોલીસ તરફથી કરવામાં આવેલી તપાસને ટાંકીને કહ્યું હતું કે, રાજેશ તલવારે આરુષિ અને હેમરાજને વાંધાજનક સ્થિતિમાં નિહાળી હતી જેને લઈને પહેલા હેમરાજની અને ત્યારબાદ આરુષિની હત્યા કરી દીધી હતી. દબાણ વધી ગયા બાદ આઈજીએ થિયરી બદલી કાઢી હતી અને કહ્યું હતું કે, તલવારે ગેરકાયદે સંબંધોના વિરોધ પર પહેલા આરુષિ અને મોડેથી હેમરાજની હત્યા કરી હતી. ડબલ મર્ડર કેસમાં પોલીસે આરુષિની માતા નુપુર તલવારને કાવતરામાં સામેલ હોવાની વાત કરી હતી. ડેન્ટિસ્ટ ડોક્ટર રાજેશ તલવારની ૧૪ વર્ષની પુત્રી આરુષિની લાશ એજ બેડરુમમાંથી મળી આવી હતી. નોકર પણ લાપત્તા હતો. અંતે નોકરની લાશ પણ મળી આવી હતી. તલવાર દંપત્તિ ઉપર પોલીસને શંકા એટલા માટે થઈ હતી કે, તેઓએ પોતાની પુત્રીની હત્યા અંગે માહિતી પોલીસને આપી ન હતી.

**સમગ્ર દેશને હચમચાવી મુકનાર હત્યા કેસના મામલામાં તપાસમાં ખામીઓ હોવાની પણ કબૂલાત : ગાઝિયાબાદની સીબીઆઈ કોર્ટના ચુકાદાને બદલ્યો**

## રિયલ એસ્ટેટને જીએસટીની હદમાં લાવી શકાય : જેટલી

નવીદિલ્હી, તા.૧૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, રિટલ અસ્ટેટને પણ જીએસટીની હદમાં લાવવાની હિલચાલ ચાલી રહી છે. આને જીએસટીની હદમાં લાવવાના મુદ્દે જીએસટી કાઉન્સિલમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેટલીના આ સંકેતને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હારવર્ડ યુનિવર્સિટીમાં લેક્ચર આપતા જેટલીએ કહ્યું હતું કે, આ મામલામાં ગુવાહાટીમાં ૯મી નવેમ્બરના દિવસે યોજાનારી જીએસટીની આગામી બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, રિયલ એસ્ટેટમાં સૌથી વધારે ટેક્સ ચોરી થાય છે જેથી તેને જીએસટીની હદમાં લાવવામાં આવે તે જરૂરી છે. જેટલીએ ભારતમાં ટેક્સ સુધારાઓ ઉપર વાર્ષિક નિવેદન કર્યું હતું. જેટલીએ ભારતમાં ટેક્સ સુધારાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં રિયલ એસ્ટેટ એવા ક્ષેત્ર તરીકે છે જેમાં સૌથી વધારે કરચોરી અને રોકડ રકમનો કારોબાર થાય છે. તે હજુ પણ જીએસટીની બહાર છે. કેટલાક રાજ્યો આના ઉપર ભાર મુકી રહ્યા છે. તેઓ વ્યક્તિગતરીતે માને છે કે, જીએસટીને રિયલ એસ્ટેટની હદમાં લાવી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે, જીએસટીમાં આ સમસ્યા પર ચર્ચા કરવામાં આવશે.

### વડાપ્રધાનના ઈશારે ચૂંટણી પંચે કામ કર્યું : કોંગ્રેસ

## ગુજરાત ચૂંટણી તારીખોની જાહેરાત કેમ નહીં : કોંગ્રેસ

નવીદિલ્હી, તા.૧૨

ચૂંટણી પંચે આજે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી પરંતુ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી ન હતી. આની સાથે જ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈશારે આવું કરવામાં આવી રહ્યું છે. કારણ કે, મોદી ૧૬મી ઓક્ટોબરના દિવસે ગુજરાત જનાર છે. જો કે, ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે, ગુજરાત ચૂંટણી માટેની તારીખ જાહેર નહીં થવાથી વડાપ્રધાનના પ્રવાસથી કોઈ મતલબ નથી. સુત્રોના કહેવા મુજબ ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત આગામી સપ્તાહમાં કરવામાં આવનાર છે પરંતુ ચૂંટણી પંચે એમ પણ કહ્યું છે કે, ગુજરાતમાં મતોની ગણતરી ૧૮મી ડિસેમ્બરના દિવસે થશે. મોદી ૧૬મી ઓક્ટોબરના દિવસે ગુજરાત પહોંચી રહ્યા છે. આ સંદર્ભમાં ચૂંટણી કમિશનર અચલકુમાર જ્યોતિએ કહ્યું હતું કે, મોદીના પ્રવાસ સાથે આને કોઈ લેવા દેવા નથી. કોર્ટે પણ કહ્યું છે કે, લાંબા સમય સુધી આચારસંહિતા અમલી રહેવી જોઈએ નહીં. ચૂંટણી પંચે તર્ક આપતા કહ્યું છે કે, રાજ્યમાં પુર પીડિતોને સહાયતા આપવા માટે થોડોક સમય માંગ્યો હતો. અલબત્ત હજુ સુધીની પરંપરા મુજબ ઓછા અંતર પર થનાર ચૂંટણીની તારીખની જાહેરાત એક જ દિવસમાં થઈ શકી હોત. પંચે એમ પણ કહ્યું હતું કે, હિમાચલમાં મતગણતરી ગુજરાતની ગણતરીની સાથે જ થશે. મતલબ એ છે કે, ગુજરાતમાં પણ ૧૮મી ડિસેમ્બર પહેલા ચૂંટણી થશે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, ચૂંટણી પંચે પણ વડાપ્રધાનના ઈશારે આવું કામ કર્યું છે અને તારીખ જાહેર કરી નથી. જો કે, ચૂંટણી પંચે કોંગ્રેસની અપીલને ફગાવી દીધી છે. પંચે આ સંદર્ભમાં દેશને જવાબો આપવા જોઈએ. હિમાચલમાં કાર્યક્રમની આજે જાહેરાત કરાઈ હતી.

### હિંસા માટે કાવતરુ ઘડ્યાની હનીપ્રીતની કબુલાત

## હનીપ્રીતની હાજરીમાં આજે વિપાસનાની કઠોર પુછપરછ

પંચકુલા,તા. ૧૨

ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમસિંહને રેપના કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા ભડકી જવાના મામલે ખાસ તપાસ ટીમ (સીટ) દ્વારા હાલમાં તપાસ કરવામાં આવી રહી છે. ખાસ તપાસ ટીમે હવે ખાસ અદાલતમાં દાવો કર્યો છે કે હનીપ્રીતે પંચકુલા અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક હિંસા ભડકાવવા માટે કાવતરુ ઘડી કાઢ્યા હોવાની કબુલાત કરી લીધી છે. આ હિંસામાં ૩૬થી વધુ લોકોના મોત થયા હતા. સમગ્ર મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. હવે આવતીકાલે ડેરા સચ્ચા સૌદાના ચેરમેન વિપાસનાની પણ હનીપ્રીતની હાજરીમાં પુછપરછ કરવામાં આવનાર છે. બન્નેની સાથે પુછપરછ કરવા માટેના કેટલાક હેતુ રહેલા છે. હરિયાણાના ડીજીપી બીએસ સન્ધુએ કહ્યુ છે કે વિપાસનાને પુછપરછ માટે બોલાવવામાં આવી છે. તેમણે કહ્યુ છે કે તપાસ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. જેથી તમામ બાબતોની ખાતરી કરવા માટે તેની હાજરી પણ જરૂરી બની ગઈ છે. હનીપ્રીત ઉપર રામ રહીમને દોષિત ઠેરવવામાં આવ્યા બાદ પંચકુલામાં હિંસા ભડકાવવાનો આક્ષેપ છે. આજે સીટ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે હનીપ્રીતે હિંસા ભડકાવવા માટે કાવતરુ ઘડ્યુ હોવાની કબુલાત કરી છે. જેમાં ૩૬ લોકોના મોત થયા હતા અને અન્ય અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસ હનીપ્રીતના લેપટોપ અને મોબાઈલ જપ્ત કરવાના પ્રયાસમાં લાગેલી છે. હનીપ્રીતને શંકાસ્પદ ચીજવસ્તુ જપ્ત કરવા માટે પુછપરછના હેતુસર લાવવામાં આવી શકે છે. ગુરમિત રામ રહીમની સૌથી વિશ્વાસપાત્ર તરીકે હનીપ્રીતને ગણવામાં આવે છે. હનીપ્રીતની ત્રીજી ઓક્ટોબરના દિવસે જીરકપુર-પટિયાલા રોડથી ધરપકડ કરવામાં આવી હતી. તે છેલ્લા ૩૮ દિવસથી ફરાર હતી. તેને ચોથી ઓક્ટોબરના દિવસે છ દિવસ માટે પોલીસ રિમાન્ડ ઉપર મોકલવામાં આવી હતી. ત્યારબાદ તેની રિમાન્ડ અવધિ ગઈકાલે વધારાઈ હતી. ૨૫મી ઓગષ્ટના દિવસે રામ રહીમને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હિંસા ભડકી ઉઠી હતી.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MAHANAGAR SEWA SADAN**
**E-TENDER NOTICE**

| Sr. No. | Name of Work | last date of online tender Submission | Last date of tender Submission (hard copy) |
|---|---|---|---|
| 1. | O & M with Comprehensive Reparing of Central zone and South zone with all Electrical and Mechanical Equipments for02 Years. | 24.11.2017 up to18:00 hrs | 27.11.2017 up to 16:00 hrs. |
| 2. | Tender for Construction, drilling & developing of 350 × 250 mm dia. 300 mtr. Deep 15 Nos. Borewell at different locations in different Zone of Ahmedabad Municipal Corporation | 24.11.2017 up to18:00 hrs | 27.11.2017 up to 16:00 hrs. |
| 3. | Rate contract for comprehensive repairing work of different type, H.P., and make of submersible pump-motor set with lifting and lowering work of sub pump sets from different borewells of North + East zone water pumping stations of AMC. | 24.11.2017 up to18:00 hrs | 27.11.2017 up to 16:00 hrs. |
| 4. | Supply of Different type of Spare parts for Siemens Make switch, starters and electrical Equipments. | 24.11.2017 up to18:00 hrs | 27.11.2017 up to 16:00 hrs. |

Details and Tenders availabel on "www.amc.nprocure.com"

"મ્યુનિસિપલ સેવાઓને લગતી ફરીયાદ માટે ડાયલ કરો 155303

### બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ચર્ચામાં

## ગોરખપુરમાં ચાર દિવસમાં ૬૯ બાળકના થયેલા મોત

લખનૌ,તા. ૧૨

ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોતના બે મહિના બાદ જ છેલ્લા ચાર દિવસમાં હોસ્પિટલામાં ૬૯ બાળકોના મોત થતા ખળભળાટ મચી ગયો છે. ઉત્તરપ્રદેશ સરકાર પર ફરી એકવાર પ્રશ્ન ઉઠી રહ્યા છે. સાથે સાથે બીઆરડી કોલેજ ફરી વિવાદના ઘેરામાં છે. દરરોજ મોટી સંખ્યામાં મોત કેમ થઈ રહ્યા છે તે સંબંધમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સાતમી ઓક્ટોબરના દિવસે ૧૨ બાળકોના મોત થયા હતા. આઠમી ઓક્ટોબરના દિવસે ૨૦ બાળકોના મોત થયા હતા. નવમી ઓક્ટોબરના દિવસે ૧૮ બાળકોના મોત થયા હતા. જયારે દસમી ઓક્ટોબરના દિવસે ૧૯ બાળકોના મોત થયા હતા. બીઆરડી મેડિકલ કોલેજ પ્રિન્સિપાલ પીકે સિંહે કહ્યુ છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ નવજાત શિશુ સહિત ૧૯ બાળકોના મોત થયા છે. અન્ય છ બાળકોના પણ મોત થયા છે. જાપાની તાવના કારણે બાળકોની હાલત કફોડી બનેલી છે. એનઆઈસીયુમાં હાલમાં ૧૧૮ બાળકો દાખલ કરવામાં આવેલા છે. જે પૈકી જુના જુદા તબીબી કારણોસર ૧૩ બાળકોના મોત થઈ ચુક્યા છે. પ્રિન્સિપાલે કહ્યુ છે કે બાળકોના વોર્ડમાં ૩૩૩ દર્દીઓને દાખલ કરવામાં આવેલા છે. જે પૈકી ૧૦૯ બાળકો જાપાની તાવના કારણે ગ્રસ્ત છે. મોટી સંખ્યામાં નવજાત શિશુ જાપાની તાવથી પિડાઈ રહ્યા છે. અત્રે નોંધનીય છે કે સાતમી ઓગષ્ટથી ૧૧મી ઓગષ્ટના દિવસે પાંચ દિવસમાં બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે કુલ ૬૦ના મોત થયા હતા. મિડિયા હેવાલમાં કહેવામાં આવ્યુ હતુ કે ઓક્સિજનની કમીના કારણે પણ કેટલાક બાળકોના મોત થયા હોવાનો આક્ષે માતાપિતા દ્વારા કરવામાં આવ્યો હો. એકંદરે સાતમી ઓક્ટોબર બાદથી હોસ્પિટલમાં ૬૯ લોકોના મોત થયા હતા. એકલા ઓગષ્ટ મહિનામાં જ બાબા રાઘવ દાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૨૯૬ બાળકોના મોત થયા હતા. અધિકારીઓએ વિગત આપતા કહ્યુ છે કે આ વર્ષે જાન્યુઆરી બાદથી બીઆરડી મેડિકલ કોલેજમાં ૧૪૭૦ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૩૧૦ના મોત થઈ ચુક્યા છે. બાળકોના મોતના મામલે ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. કેટલાક રિપોર્ટ પણ રજૂ કરવામાં આવી ચુક્યા છે.

**છેલ્લા ૪ દિવસોમાં મોટી સંખ્યામાં બાળકોના મોત બાદ તંત્ર હચમચી ઉઠ્યુ : હોસ્પિટલ સત્તાવાળાઓની ચકાસણી**

### મોદી ૨૦મી ઓક્ટોબરના દિવસે દર્શને પહોંચશે

## મોદી છ મહિનામાં બીજી વખત કેદારનાથ પહોંચશે

દહેરાદુન,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં દર્શન કરવા જનાર છે. મોદી ૨૦મી ઓક્ટોબરના દિવસે કેદારનાથ પહોંચશે. વડાપ્રધાન તરીકે મોદી બીજી વખત કેદારનાથમાં દર્શન કરશે. આ પહેલા મોદી ત્રીજી મેના દિવસે કેદારનાથના પ્રવેશદ્વાર ખુલ્યા તે દિવસે પહોંચ્યા હતા. ઉત્તરાખંડ સરકાર દ્વારા મોદીની સુચિત યાત્રાને લઈને તમામ તૈયારી શરૂ કરી દીધી છે. મોદી ઉપરાંત ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ કેદારનાથની યાત્રાએ પહોંચે તેવી શક્યતા છે. અત્રે નોંધનીય છે કે આ વર્ષે કેદારનાથમાં મોદી સહિત ત્રણ મોટા વીઆઈપી લોકો આવી ચુક્યા છે. ગયા મહિનામાં જ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ પણ પણ પહોંચ્યા હતા. ત્યારબાદ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ પરિવારના સભ્યો સાથે કેદારનાથમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. ૨૦મી ઓક્ટોબરના દિવસે નરેન્દ્ર મોદી ખાસ વિમાન મારફતે જૌલી ગ્રાન્ટ વિમાનીમથકે પહોંચશે. રાજયપાલ, મુખ્યપ્રધાન , મુખ્ય સચિવ સહિત ડીજીપી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનુ સ્વાગત કરવા માટે હાજર રહેશે.જૌલીગ્રાન્ટથી વડાપ્રધાન મોદી સીધી રીતે કેદારનાથ પહોંચશે. દર્શન કરવામાં આવ્યા બાદ મોદી કેટલાક કાર્યક્રમમાં પણ ભાગ લેનાર છે. ત્યારબાદ દિલ્હી માટે રવાના થશે.કેદારનાથમાં દર્શન કરવા દરમિયાન નવી કેદારપુરીના નિર્માણ કાર્યોનુ શિલાન્યાસ કરનાર છે. મોદીના ભરચક કાર્યક્રમને લઈને તૈયારી ચાલી રહી છે. મોદી હાલમાં ગુજરાતમાં અને હિમાચલપ્રદેશમાં યોજાનાર ચૂંટણીને લઈને પણ જુદા જુદા કાર્યક્રમમાં વ્યસ્ત બનેલા છે.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**TENDER NOTICE**
**STP DEPARMENT**
**E-TENDER NOTICE NO.; 29 & 30 /2017-18**

| | |
|---|---|
| E-TENDER NO. 29 | Comprehensive operation and Maintenance of Mechanical, electical & instrumentation equipments including civil structures for period of One year of 70 MLD ASP typeSewage Treatment Plant at Vinzol. |
| E-TENDER NO. 30 | Operation Comprehensive Maintenance with Repairing of all Eelectical & Mechanical Equipments & instrument of (1) New suburan SPS (2) Danilimda SPS & (3) Bagefirdos SPS of AMC for Two years. |

| | |
|---|---|
| Last Date of Submission | Date : 07/11/2017 up to 18:00 Hrs |
| Last Date of Submission(Hard copy) | Date : 09/11/2017 up to 16:00 Hrs |
| Date of Opening Time & Date (Only Tecnical Bid) | Date : 09/11/2017 up to 17:00 Hrs. |
| Details and Tenders Available on | www.amc.nprocure.com |

મ્યુનિસિપલ સેવાઓને લગતી ફરીયાદ માટે ડાયલ કરો ૧૫૫૩૦૩






## તંત્રી સ્થાનેથી.....

# લગ્ન સંસ્થા શા માટે છે ?

જાતીય સંબંધો હરેક પ્રાણીઓ બાંધે છે. મુંગા પશુઓ વચ્ચે જાતીય સંબંધો બંધાય છે અને બુદ્ધિશાળી ગણાતા મનુષ્ય નામના પ્રાણીઓમાં પણ જાતીય સંબંધો બંધાય છે. સૃષ્ટિ ચાલતી રહે તે માટે ભગવાને કહો કે કુદરતે કહો દરેક વર્ગના પ્રાણીઓમાં જાતીય સંબંધોની ભાવના મૂકી છે.

મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. થોડી ઘણી બુદ્ધિ તો દરેક પ્રાણીમાં હોય છે. કીડીથી લઈને હાથી સુધાં પોતાના હિતો વિશે વધુ ઓછા પ્રમાણમાં વિચારી શકે છે. મનુષ્ય આગળ પાછળનું વધુ વિચારી શકે છે. એટલે હાથી જેવા મહાબળવાન પ્રાણીને પણ તે પોતાના ગુલામ બનાવી શકે છે અને એની પાસેથી ધાર્યા કામ કરાવી શકે છે. પહેલાં મનુષ્ય પણ અન્ય પ્રાણીઓની જેમ જંગલી અવસ્થામાં હતો. અન્ય પ્રાણીઓમાં છે તેમ મનુષ્યમાં પણ જાતીય સંબંધો આડેધડ બંધાતા. સિંહ, હાથી વગેરે નર પ્રાણીઓ પોતાની પ્રજાતિની માદાઓને પોતાના વશમાં રાખીને તેનો જાતીય ઉપયોગ કરતા અને આજે પણ કરે છે. મુંગા પ્રાણીઓમાં આ માટે કોઈ મર્યાદા નથી રહી. તેઓ એક કરતાં વધુ સંખ્યામાં માદાઓને પોતાના વશમાં રાખે છે. જ્યારે મનુષ્યને ભગવાને બુદ્ધિનું પ્રમાણ વિશેષ આપ્યું છે. જંગલી અવસ્થામાંથી બહાર આવેલા મનુષ્ય નામના પ્રાણીએ પોતાની પ્રજાતિની માદાઓ એટલે કે સ્ત્રીઓના અધિકાર વિશે પણ આગળ જતાં જાગૃતિ કેળવી અને લગ્ન સંસ્થા ઉભી કરી. જંગલી કે પાલતુ પશુ ગમે તે માદા સાથે સંવનન કરે તે પ્રથા મનુષ્યએ ધીમે ધીમે બંધ કરી, સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સંબંધોમાં લગ્નની મર્યાદા મૂકવામાં આવી. લગ્નેતર સંબંધોને ધર્મ દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યા. આવા સંબંધોને નાજાયજ ગણી તેને પાપ ગણવામાં આવ્યું. મનુષ્યને કાયદો એટલો નથી દરાવી શકતો જેટલો ધર્મ ડરાવી શકે છે.

સ્ત્રીને પત્નીનો અને પુરૂષને પતિનો દરજ્જો આપવામાં આવ્યો. પુરૂષો બળશાળી હોતા સુસંસ્કૃત સમાજ પણ પુરૂષ પ્રધાન બન્યો. નિયમો ઘડાયા તે પુરૂષોએ ઘડ્યા અને પુરૂષોના હિતને વધુ ધ્યાનમાં રાખીને ઘડ્યા. પુરૂષ એક કરતાં વધુ પત્ની સાથે લગ્ન કરી શકે પણ પત્નીને એવા અધિકાર નહોતા અને નથી. જો કે આગળ જતાં સ્ત્રીઓના અધિકાર વિશે પણ જાગૃતિ આવી પુરૂષનજ સ્વછંદી અધિકારો પર અંકૂશ મૂકાયો અને એક પત્નીવ્રતને પ્રાધાન્ય મળ્યું. એ માટે સુસંસ્કૃત સમાજે નિયમો અને કાયદા ઘડ્યા. સમય સમય પર એમાં સુધારા થતા રહે છે. લગ્ન માટે પતિ-પત્નીની વયમર્યાદા પહેલાં નહોતી, ઘોડીયામાં, બાળવયમાં લગ્ન થઈ જતા. પણ ધીમે ધીમે તેમાં નિયંત્રણ આવ્યું. દરેક દેશમાં અલગ અલગ પણ લગ્ન માટેની વય નક્કી થઈ. ભારતમાં પત્ની માટે ૧૮ અને પતિ માટે ૨૧ વર્ષની વય નક્કી થયેલી છે. છતાં ચોરી છૂપીથી નહીં પણ ખૂલ્લેઆમ દેશના અનેક ભાગોમાં, અનેક સમાજોમાં બાળ વિવાહ થાય છે. સરકારે તેને રોકવા કાયદા બનાવ્યા છે. બાળ લગ્ન કરનાર અને કરાવનારાઓ માટે સજાની જોગવાઈ કરાઈ છે. ઘણી જગ્યાએ સજાઓ પણ થઈ છે. છતાં બાળ લગ્નો થતા રહે છે. કોઈ માણસ બીજા માણસની હત્યા કરે તો તેને મોતની સજા કરાય છે તે છતાં હત્યાઓ થતી રહે છે તેમ બાળલગ્ન માટે જવાબાદરોને સજા થવાના દાખલા સામે હોવા છતાં બાળ લગ્ન જેવા ગુના બનતા રહે છે.

બાળ લગ્નો અટકાવી નથી શકાતા એટલે તેને નિયંત્રણમાં લેવા નવા નવા નુસખા અજમાવાય છે. સરકારે કાયદા દ્વારા લગ્નની વય નક્કી કરી છે. પણ જો ૧૮ વર્ષથી નીચેની વયે કોઈ કન્યાના લગ્ન થાય તો તેને ગુનો માનવાની જોગવાઈ કરી છે. છતાં આઈપીસીની કલમ ૩૭૫ (૨) તળે ૧૮ વર્ષની નીચેની પણ ૧૫ વર્ષથી વધુ ઉંમરની પત્ની સાથે કોઈ જાતીય સંબંધ બાંધે તો ગુનો ગણવામાં આવતો નહોતો. પણ લગ્નેતર સંબંધોમાં ૧૮ વર્ષથી નીચેની કોઈપણ વયની કન્યા સાથે જાતીય સંબંધ બાંધનાર પુરૂષ પર બળાત્કારનો કેસ થઈ શકે છે. બાળ લગ્ન થયા હોય તો ગેરકાયદે ગણાય એટલે પતિ-પત્ની પણ ગેરકાયદે ગણાય, છતાં કાયદા દ્વારા ૧૫થી ૧૮ વર્ષની વયની કન્યા સાથે જાતીય સંબંધોને એ ગુનાથી મુક્ત ગણવામાં આવ્યા હતા. લગ્ન ગેરકાયદે છતાં લગ્ન સંબંધો કાયદેસર એવી વિચિત્ર વિસંગતતા હતી !?

હવે સુપ્રીમ કોર્ટે આઈપીસીની ૩૭૫ (૨) રદ જાહેર કરીને કહ્યું છે કે, ૧૮ વર્ષથી નીચેની વયની પત્ની સાથે સંબંધ બળાત્કાર ગણાશે. અલબત આ માટે ફરિયાદ થવી જરૂરી છે. કહે છે કે દેશમાં ૨.૩૦ કરોડ જેટલા દંપતિઓએ બાળ લગ્ન કરેલા છે. હવે જો આ ૨.૩૦ કરોડ કન્યાઓ પોતાના પતિ સામે બળાત્કારની ફરિયાદ કરે તો આ પતિઓ અને તેમના માતા-પિતા જેલમાં જશે એટલું જ નહીં કન્યાના માતા-પિતા અને લગ્ન કરાવનાર ગોર મહારાજાઓ પણ બળાત્કારના ગુનામાં મદદગારી કરવા માટે જવાબદાર ઠરી શકે છે. આવી ફરિયાદો થવા લાગશે તો તેની અસર પરસ્પરના અનેક સંબંધોને થશે. તેમાં કાયદેસરના પતિ-પત્નીના લગ્ન સંસારો પણ સળગી શકે છે. બાળ લગ્ન અટકાવવાની જવાબદારી સરકારની વિશેષ છે. સરકાર તે અટકાવી શકતી નથી તેનો ભોગ હવે સામાન્ય જનતા બનશે.

# ખોડીયારનગર સોસાયટીમાં શસ્ત્રો સાથે ધસી આવેલા ટોળાનું તોફાન

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

ડીંડોલી સી.આર. પાટીલ રોડ ખોડિયાર નગર ખાતે સામાન્ય બાબતે મંગળવારની મોડી રાત્રે માથાભારે શખ્સોએ તોફાન મચાવી વાહનોમાં ભારે તોડફોડ મચાવી દેતાં સમગ્ર વિસ્તારમાં તંગદિલી વ્યાપી ગઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીંડોલી સી.આર. પાટીલ રોડ પર ખોડિયાર નગરમાં રહેતો અને વ્યવસાયે ડ્રાઈવર ધીરજ રાજનેત મંગળવારની મોડી રાત્રે સોસાયટીની બહાર પોતાની બોલેરો પીકઅપ પાસે પથારીએ સૂવા ગયો હતો. ત્યારે જ નજીકની સંતોષી નગરમાં રહેતો ભરત ઉર્ફે સોનુ પ્રકાશભાઈ મુધવાણે સહિત ત્રણ શખ્સો ત્યાં આવી જાહેરમાં પેશાબ કરવા લાગ્યા હતા. જેથી ધીરજ તેઓને બોલવા જતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી ત્રણ પૈકીના એકે નજીકમાં પડેલ પથ્થર બોલેરો પર ફેંકી દેતા તેના અવાજથી સોસાયટીના અન્ય રહીશો પણ બહાર આવ્યા હતા. જેના કારણે આ ત્રણેય ભાગવા જતા લોકોના ટોળાએ બાઈક સાથે ભરત ઉર્ફે સોનુને પકડી પાડ્યો હતો. એવામાં ભાગી છુટેલા અન્ય બે યુવક તેના ૧૪ થઈ ૧૫ જેટલા સાગરીતો સાથે તલવરા, હોકી તેમજ લાકડાના ફટકાઓ લઈને ધસી આવી સોસાયટીમાં રહેલા વાહનોમાં તોડફોડ કરી કુલ રૂા.૬૦,૦૦૦નું નુકસાન કરી ભાગી છુટ્યા હતા. ડીંડોલી પોલીસને જાણ થતાં પોલીસનો મોટો કાફલો ખોડીયાર નગર ખાતે દોડી આવ્યા હતા અને સ્થાનિક રહીશોની રજૂઆત સાંભળી હતી અને બાદમાં રાયોટિંગની ફરિયાદ નોંધી માથાભારે હુમલાખોરોની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

### ઓગસ્ટ આઈઆઈપી ૯ મહિનાની ઉંચી સપાટીએ

# રિટેલ ફુગાવો ૩.૨૮ ટકાની સપાટીએ રહેતા મોટી રાહત

નવીદિલ્હી, તા.૧૨

શેરબજારમાં કારોબારના અંતે ઓગસ્ટ આઈઆઈપી અને રિટેલ ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. જુલાઈ આઈઆઈપી અને જુલાઈ સીપીઆઈમાં ક્રમશઃ ૦.૯ ટકા અને ૩.૨૮ ટકાનો સુધારો નોંધાયો છે. વાર્ષિક કન્ઝ્યુમર ઈન્ફલેશનનો આંકડો એક વર્ષ અગાઉની સરખામણીમાં સુધરી ગયો છે. સરકારી ડેટામાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. દેશમાં ઈન્ડસ્ટ્રીય પ્રોડક્શનનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૪.૩ ટકા સુધી પહોંચી ગયો છે જે નવ મહિનાની ઉંચી સપાટી છે.

જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈના દિવસે અમલી કરવામાં આવી હતી. જુલાઈ આઈઆઈપી અને ઓગસ્ટ સીપીઆઈના આંકડામાં નોંધપાત્ર સુધારો નોંધાઈ ગયો છે જેથી સરકારને પણ રાહત થઈ છે. જૂન મહિનામાં ૪૮ મહિનાની નીચી સપાટી જોવા મળ્યા બાદ દેશમાં ઈન્ડસ્ટ્રીય આઉટપુટનો આંકડો ૦.૯ ટકા સુધી વધીને જુલાઈ મહિનામાં સુધર્યો હતો. આજે સરકાર દ્વારા આંકડો જારી કરવામાં આવ્યો હતો. જે દર્શાવે છે કે, ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) માટેના આંકડા જે જીએસટી બાદ જારી કરવામાં આવ્યા છે તેના કારણે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો નેગેટીવ ઝોનમાં ગયો નથી. કેટલાક નિષ્ણાતો દ્વારા આંકડો નેગેટીવ ઝોનમાં જવાની વાત કરી હતી. ઓગસ્ટ મહિનામાં મેન્યુફેક્ચરિંગમાં વધારો થયો છે. માઈનિંગ અને ઈલેક્ટ્રીસિટીમાં ગ્રોથના લીધે રિકવરી પરત ફરી છે. આગામી દિવસોમાં સરકાર આને લઈને વધુ ઝડપ સાથે આગળ વધી શકે છે.

**શેરબજારમાં કારોબાર પરિપૂર્ણ થયા બાદ આંકડાઓ જારી ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન નેગેટિવ ઝોનમાં નહીં રહેતા રાહત**

# મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા પાડેલી હડતાળે ઉગ્ર સ્વરૂપ પકડ્યું





(રાજાબાબુ), મોડાસા, તા. ૧૨

મોડાસા નગરપાલિકાના કર્મચારીઓની સાચી માંગણીઓ માટે હડતાલ પર ઉતરેલા કર્મચારીઓને કારણે નગરપાલિકામાં કામે આવતા પ્રજાજનોની હાલત કફોડી થઈ ગઈ છે. દૂરથી આવતાં લોકોને વિલા મોઢે પરત ફરવું પડી રહ્યું છે અને અગત્યના દસ્તાવેજ ન મળતાં લોકોના કામ અટકી પડ્યા છે. છતાં હડતાલ પર ઉતરેલા કર્મચારીઓને કોઈ નેતા કોઈ મોટા અધિકારીએ હડતાલ સમેટવા પહેલ કરી નથી. આ કર્મચારીઓની ન્યુઝલાઈન સીધા સમાચારના પત્રકારે મુલાકાત લેતાં તેઓએ જણાવ્યું હતું કે મોડાસા નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપની સત્તા છે છતાં પણ અનેક કર્મચારીઓ ૩૦ થી ૩૫ વર્ષ સુધી નોકરી કર્યા બાદ પણ હજુ કાયમી કરવામાં આવ્યા નથી. આમાંથી અપવાદરૂપ કર્મચારીઓ જ કાયમી થયા છે. જેમાં કંજન ચૌધરી, કૌશિક ગૌર, મુસ્તાક ચૌહાણ, પંકજ કડીયા, ધનાભાઈ, રહીમ શેખ, કીરીટભાઈ ભરતભાઈ રાઠોડ અને નટુભાઈએ સંયુક્ત રીતે જણાવ્યું હતું કે અનેક કર્મચારીઓનો તો રીટાયર્ડ થવાનો સમય થઈ ગયો છે. ૨૩૧ કર્મચારીઓમાંથી અમુક પસંદગીના કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા છે. જયારે બાકીના કર્મચારીઓ કાયમી થયા વગર રીટાયર્ડ થઈ જશે તેવું લાગી રહ્યું છે. અને હડતાલ પર ઉતરેલા કર્મચારીઓએ ભાજપ સરકારના મોટા મંત્રીઓ વિરૂદ્ધ હાય હાયના નારા લગાવી જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ નગરપાલિકા આવી નહી હોય કે જેમાં કર્મચારી રીટાયર્ડ થવાની તૈયારીમાં હોય છતાં તેઓને કાયમી ન કર્યા હોય. છેલ્લા ૨૫ વર્ષથી ચાલતી ભાજપની સરકાર અમને કાયમી નથી કરી શક્તી તો હવે કઈ સરકાર અમને કાયમી કરશે તે જોવાનું રહેશે.

# સોના-ચાંદી તથા બિનલોહ ધાતુઓના વાયદામાં પ્રત્યાઘાતી વૃદ્ધિ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં ઓસરી ગયેલો સુધારો

મુંબઈ, તા.૧૨

વિવિધ કોમોડિટી વાયદાઓમાં એમસીએક્સ પર પ્રથમ સત્રમાં ૧,૭૫,૧૦૭ સોદામાં રૂ.૮,૩૩૦.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં એકંદરે પ્રત્યાઘાતી વૃદ્ધિ રહી હતી. એનર્જીમાં ક્રૂડ તેલના વાયદામાં સુધારો ઓસરી જઈ ભાવ ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૪૨,૫૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા. સીપીઓ, એલચી, મેન્થા તેલમાં બેધારી ચાલ ભાવમાં રહી હતી. મરીનો વાયદો ઢીલો બંધ થયો હતો. કોમડેક્સ પ્રથમ સત્રનાં અંતે ૬.૦૩ પોઈન્ટ ઘટ્યો હતો.

> **કોટનમાં ૪૨,૫૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા, સીપીઓ, એલચી, મેન્થા તેલના વાયદાઓમાં બેધારી ચાલ**

કીમતી ધાતુઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯,૭૭૫ ખૂલી, પરમાં રૂ.૨૯,૯૦૦ અને નીચામાં રૂ.૨૯,૭૭૫ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૦ વધી રૂ.૨૯,૮૬૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિનીનો ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૭ વધી રૂ.૨૩,૮૭૭ અને ગોલ્ડ-પેલનો ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૨,૯૭૨ થયા હતા, જયારે સોનું-મિનીનો નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩ વધી બંધમાં રૂ.૨૯,૮૧૨ના ભાવ હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદીનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૪૦,૩૦૦ ખૂલી, પરમાં રૂ.૪૦,૪૨૫ અને નીચામાં રૂ.૪૦,૨૮૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૧૩ વધી રૂ.૪૦,૩૪૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર વાયદો અને ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો બંને એકસરખા રૂ.૧૯૯ વધી અનુક્રમે રૂ.૪૦,૩૫૩ અને રૂ.૪૦,૩૫૨ રહ્યા હતા. બિનલોહ ધાતુઓમાં તાંબાનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧.૫૫ વધી રૂ.૪૪૮.૫૫, નિકલ ઓક્ટોબર રૂ.૨.૪૦ વધી રૂ.૭૩૦.૩૦, એલ્યુમિનિયમ ઓક્ટોબર ૩૦ પૈસા વધી રૂ.૧૩૮.૭૫, સીસું ઓક્ટોબર ૪૫ પૈસા વધી રૂ.૧૬૭.૧૫ અને જસત ઓક્ટોબર રૂ.૧.૨૫ વધી રૂ.૨૧૪.૧૦ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૩,૩૩૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૪ ઘટી રૂ.૩,૨૯૩ બંધ રહ્યો હતો. આ વાયદો પરમાં રૂ.૩,૩૩૦ અને નીચામાં રૂ.૩,૨૮૩ બોલાયો હતો, જયારે નેચરલ ગેસનો ઓક્ટોબર વાયદો એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા ઘટી બંધમાં રૂ.૧૯૦.૩૦ના ભાવ હતા.

કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદા રૂ.૩૦થી રૂ.૧૬૦ની રેન્જમાં ઘટ્યા હતા. કોટનનો ઓક્ટોબર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯,૪૮૦ ખૂલી, પરમાં રૂ.૧૯,૬૦૦ અને નીચામાં રૂ.૧૯,૦૫૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૦ ઘટી રૂ.૧૯,૧૧૦ બંધ રહ્યો હતો. સીપીઓમાં ઓક્ટોબર વાયદો ૧૦ કિલોદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૫૩૮.૯૦ના સ્તરે હતો, જયારે ડિસેમ્બર વાયદો રૂ.૧.૫૦ વધી બંધમાં રૂ.૫૩૪.૫૦ના ભાવ હતા. એલચીનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩ વધી રૂ.૧,૦૩૬.૨૦ થયો હતો, જયારે મરીનો નવેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૧૦ ઘટી બંધમાં રૂ.૪૪,૩૮૫ના ભાવ હતા. મેન્થા તેલનો ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૪.૯૦ ઘટી રૂ.૧,૨૪૮.૭૦ના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદાનો ઈન્ડેક્સ કોમડેક્સ ૩૩૮૮.૧૬ ખૂલી, પરમાં ૩૩૯૧.૯૮ અને નીચામાં ૩૩૭૫.૯૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૬.૦૩ પોઈન્ટ ઘટી ૩૩૮૦.૪૪ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૨૧.૪૮ પોઈન્ટ વધી ૫૦૮૪.૬૬ થયો હતો, જયારે એનર્જી ઈન્ડેક્સ ૩૩.૫૩ પોઈન્ટ ઘટી ૨૪૪૬.૮૮ અને એગ્રી ઈન્ડેક્સ ૭.૨૬ પોઈન્ટ ઘટી ૨૫૧૫.૧૮ રહ્યા હતા.

કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૬,૩૨૧ સોદામાં રૂ.૧,૧૨૬.૬૪ કરોડનાં ૩,૭૭૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૧૬,૮૫૨ સોદામાં રૂ.૭૪૬.૪૯ કરોડનાં ૧૮૪.૯૪૩ ટન, ક્રૂડ તેલમાં ૨૧,૪૮૬ સોદામાં રૂ.૧,૫૫૯.૮૩ કરોડનાં ૪૭,૦૮,૯૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૬,૪૭૭ સોદામાં રૂ.૨૪૨.૧૧ કરોડનાં ૧,૨૭,૨૫,૦૦૦ એમએમબીટીયૂ, કોટનમાં ૧,૨૮૯ સોદામાં રૂ.૮૦.૦૧ કરોડનાં ૪૨,૫૭૫ ગાંસડી, સીપીઓમાં ૧,૬૭૦ સોદામાં રૂ.૧૫૧.૨૭ કરોડનાં ૨૮,૦૭૦ ટન, એલચીમાં ૧૧૭ સોદામાં રૂ.૧.૪૮ કરોડનાં ૧૪ ટન, મરીમાં ૫ સોદામાં રૂ.૨૨ લાખનાં ૫ ટન અને મેન્થા તેલમાં ૨,૫૮૮ સોદામાં રૂ.૧૩૫.૩૪ કરોડનાં ૧,૦૭૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વાયદાઓમાં ૮,૮૨૫ કિલો, ચાંદીમાં ૫૪૧.૪૩૬ ટન, ક્રૂડ તેલમાં ૧૪,૯૧,૨૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૧,૨૯,૬૧,૨૫૦ એમએમબીટીયૂ, કોટનમાં ૨,૨૯,૫૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૦,૬૧૦ ટન, એલચીમાં ૪૭ ટન, મરીમાં ૬૭ ટન અને મેન્થા તેલમાં ૧,૭૮૨ ટનના સ્તરે રહ્યો હતો.

### નિફટી ૧૧૧ પોઈન્ટ ઉછળી ૧૦૦૯૬ની સપાટીએ

# બજારમાં તીવ્ર તેજી : ૩૪૮ પોઈન્ટનો નોંધપાત્ર વધારો

મુંબઈ, તા. ૧૨

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૪૮ પોઈન્ટ સુધરીને ૩૨૧૮૨ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૩૨૦૦૦ની સપાટી કુદાવી લીધી હતી જયારે નિફ્ટી ૧૧૧ પોઈન્ટ સુધરીને ૧૦૦૯૬ની સપાટીએ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં ચાર ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ તેજી જોવા મળી હતી. આજે કારોબાર દરમિયાન ૧૬૯૬ શેરમાં તેજી રહી હતી અને ૯૭૧ શેરમાં મંદી જોવા મળી હતી. ૧૩૧ શેરમાં યથાસ્થિતિ જોવા મળી હતી. ફ્રન્ટલાઈન ઈન્ડેક્સમાં પણ તેજી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં એક-એક ટકાનો ઉછાળો રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં આવતીકાલે તેના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવે તે પહેલા તેજી જોવા મળી હતી. આઈઆઈપી અને ફુગાવાના આંકડા આજે મોડેથી જારી કરવામાં આવ્યા હતા. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન માટેની સુધારવામાં આવેલી આગાહી દેખાતા બજારમાં તેજીનું મોજુ ફરી વળ્યું હતું. ટીસીએસના પરિણામ પણ જાહેર કરવામાં આવ્યા છે. કન્ઝ્યુમર ફુગાવાનો આંકડો જારી કરવામાં આવ્યા બાદ આગામી દિવસોમાં તેની અસર પણ જોવા મળી શકે છે. ગઈકાલે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૯૦ પોઈન્ટ ઘટીને ૩૧૮૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. જયારે નિફ્ટી ૩૨ પોઈન્ટ ઘટીને ૯૯૮૪ની સપાટીએ રહ્યો હતો. સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. ગયા શુક્રવારના દિવસે જીએસટી કાઉન્સિલની બેઠકમાં દિવાળી બોનાન્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. નિકાસકારો, નાના કારોબારીઓ અને જ્વેલર્સ માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા જેમાં ૨૭ વસ્તુ પર જીએસટી રેટને ઘટાડવાનો નિર્ણય કરાયો હતો. અનબ્રાન્ડેડ આયુર્વેદિક દવાઓ ઉપર જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો હતો. લોકો દ્વારા બનાવવામાં આવતા યાર્ન માટે ટેક્સ રેટ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો હતો. ગયા બુધવારના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કમિટિએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.એસએલઆરને ૦.૫ ટકા ઘટાડીને ૧૯.૫ ટકા કરાયો હતો.

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રી શેરમાં સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં કમાણીના આંક જારી કરવામાં આવે તે પહેલા તીવ્ર તેજી**

# જદયુના બળવાખોર શરદ યાદવનું રાજયસભાનું સભ્ય પદ સંકટમાં

નવીદિલ્હી,તા.૧૨



ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના સભાપતિ એમ વૈકેયા નાયડુ તાકિદે જનતાદળ યુના બળવાખોર નેતા શરદ યાદવ અને અલી અનવરને ઉચ્ચ ગૃહમાંથી બહારનો રસ્તો બતાવી શકે છે. આ બંન્નેનું સભ્ય પદ સમાપ્ત કરવા પર તાકિદે નિર્ણય લેવામાં આવશે જદયુના રાજયસભાના નેતા સોભારામ ચંદ્ર પ્રસાદ સિંહ તરફથી બંધારણની ૧૦મી અનુસૂચી હેઠળ શરદ યાદવ અને અલી અનવરનું રાજયસભાનુ સભ્ય પદ સમાપ્ત કરવાની માંગ કરવામાં આવી હતી.

રાજયસભા સચિવાલય તરફથી ગત મહીને શરદ યાદવ અને અલી અનવરને નોટીસ મોકલી તેમની વિરુધ્ધ સોભારામ તરફથી લગાવવામાં આવેલા આરોપો પર પોતાનો જવાબ આપવા માટે જણાવવામાં આવ્યું હતું .બિહારથી રાજયસભાનું પ્રતિનિધિત્વ કરતા જદયુના આ બંન્ને બળવાખોર નેતાઓએ જવાબ આપવા માટે એક મહીનાનો સમય માંગવામાં આવ્યો હતો પરંતુ નિર્ધારિત સમયથી એક અઠવાડીયે વધુ થઇ ગયું છે આખરે ગત મહીને એટલે કે ૨૨ સપ્ટેમ્બરે તેમના તરફથી જવાબ આપવામાં આવ્યો.

સુત્રોનું માનવામાં આવે તે સામાન્ય રીતે એવી ધારણા છે કે પહેલા રાજયસભાના સભાપતિ તરફથી ફરિયાદને શરૂઆતી તપાસ માટે તેને એથિકસ કમિટિની પાસે મોકલવામાં આવે છે પરંતુ વેંકૈયા નાયડુ પોતાના સામે રજુ થયેલ તથ્યોના આધાર પર નિર્ણય લઇ શકે છે સુત્રોનું માનવું છે કે એથકિસ કમિટિ તરફથી તપાસની તે સમયે જરૂર પડે છે જયારે મામલો અનિયમિતતા અથવા તો ભ્રષ્ટાચારથી જોડાયેલ હોય પરંતુ આ મામલાં તપાસની કોઇ જરૂરત નથી અને તમામ જરૂરી વસ્તુ મોજુદ છે. બંન્ને પક્ષ જાહેર રીતે એક બીજાથી અલગ થઇ ગયા છે અને રાજયસભાના સભાપતિને આ મામલામાં કાનુનની સ્પષ્ટ રેખાની વચ્ચે પોતાનો નિર્ણય લેવાનો છે. રાજયસભાના જણાવ્યા અનુસાર જો બંધારણની ૧૦મી અનુસૂચી હેટળ રાજયસભાના વર્તમાન સભ્યને અયોગ્ય ઠેરવવાનો સવાલ ઉઠે છે તો આ મામલાને રાજયસભાની પાસે મોકલવામાં આવે છે અને તેમનો જ નિર્ણય અંતિમ હોય છે. સુત્રોનું કહેવું છે કે શરદ યાદવનું સભ્ય પદ ખત્મ કરવાનો નિર્ણય લેવામાં આવી ચુકયો છે. એવામાં હવે કોઇ શંક નથી કે આગામી કેટલાક દિવસોમાં નિર્ણય સંભળાવવામાં આવશે. શરદ યાદવે રાજનીતિક ખેલ ખેલવાનો પ્રયાસ કર્યો તેમનો દાવ ઉલ્ટો પડી ગયો જેથી તેઓ આજે તે કયાંયની રહ્યાં નથી. શરદ યાદવનું હવે રાજકીય ભવિષ્ય પુરી રીતે ખત્મ થઇ ચુકયુ છે. નીતીશથી અલગ જઇ બળવો કરી શરદ યાદવે આત્મઘાતી પગલુ ઉઠાવ્યું છે તેવું નિષ્ણાંતોનું માનવું છે.

# આવકવેરા વિભાગની કાર્યવાહીથી બિહારના તમામ રાજકીય પક્ષો સામે સંકટ

પટણા,તા.૧૨

બિહારના આવક વેરા વિભાગે રાજયના ૫૦ ધારાસભ્યો અને નેતાઓની જાહેર નહીં કરેલી તપાસમાં ૨૮ ધારાસભ્યો અને નેતાઓની પાસેથી ૩૦ કરોડથી વધુની જાહેર નહીં કરેલી સંપત્તિ મળી હોવાનો દાવો કર્યો છે. આવકવેરા વિભાગે ૨૦૧૫ની વિધાનસભા ચુંટણીમાં ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલ સોગંદનામામાં સંપત્તિના વધારાના આધાર પર આ દાવો કરવામાં આવ્યો છે. હવે વિભાગ તાકિદે તેના પર કાનુની શિકંજો કસવાની તૈયારીમાં છે વિભાગે ચુંટણી સોગંદનામામાં દાખલ નેતાઓની સંપત્તિમાં ભારે વધારાની તપાસના આધાર પર ખુલાસો કર્યો છે કે આવા ૫૦ ધારાસભ્યો અને ઉમેદવારોને તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતાં જેમની સંપત્તિમાં ૨૦૦ ટકા અથવા તેનાથી વધુ વધારો સોગંદનામામાં જોવા મળ્યો હતો તેમાંથી તપાસ દરમિયાન ૨૨ નેતાઓને કલીનચિટ મળી ગઇ જયારે ૨૮ ધારાસભ્યો અને ઉમેદવારોની પાસેથી ૩૦ કરોડની જાહેર નહીં કરેલી સંપત્તિની માહિતી મળી તેને વિભાગ કાળુ નાણું માને છે.

આવકવેરા વિભાગની આ તપાસમાં બિહારના મુખ્ય પક્ષોમાં ભાજપ રાજદ જદયુ અને અન્ય પક્ષોના નેતા અને ધારાસભ્યો સામેલ છે. તેમાંથી અરૂણ કુમાર સિહાં રાજબલ્લભ યાદવ રેખા દેવી નારાયણ યાદવ સહિત અનેક અન્ય મોટા નેતા સામેલ છે. હવે વિભાગ આ નેતાઓની વિરૂધ્ધ તાકિદે કાુની શિકંજો કસવાની તૈયારીમાં છે પહેલા તો વિભાગ સંબંધિત મામલાને રિઓપન કરશે અને છુપાયેલ જાહેર નહીં કરેલી સંપત્તિ પર કલમ ૧૪૭ હેઠળ પેનલ્ટી લગાવશે. આ નેતાઓને હવે ટેક્સની રકમથી ત્રણ ગણી પેનલ્ટી આપવી પડશે

વિભાગે આ બાબતે ધારાસભ્યો અને ઉમેદવારોની સંપત્તિમાં વધારાને લઇ થયેલ આવકવેરા વિભાગની તપાસ રિપોર્ટ ચુંટણી પંચને મોકલી આપી છે આવકવેરો સ્પષ્ટ કર્યુંછે કે ગંભીર સ્થિતિમાં જવાબ નહીં આપવા પર ડિફોલ્ટરોને જેલ પણ જવું પડી શકે છે.

જો કે આ સમગ્ર મામલામાં ધારાસભ્યોને પુછવા પર ભોજપુરના રાજદ ધારાસભ્ય અરૂણ યાદવે કહ્યું હતું કે બધી કાનુન રીતે પ્રાપ્ત કરેલ સંપત્તિ છે હજુ પણ જો આવકવેરા વિભાગને કંઇક માહિતી જોઇતી હોય તો અમે તૈયાર છીએ જયારે શિવહરના જદયુના ધારાસભ્ય સરફુદ્દીનનું કહેવું છે કે જેટલી સંપત્તી હતી અમે ખુલાસો કરી દીધો છે. આમ પણ ૩૧ જુલાઇ સુધી અમે આવકવેરા વિભાગને તમામ દસ્તાવેજ સોંપી દઇશું આ પહેલીવાર છે કે આવકવેરા વિભાગે ચુંટણી નેતાઓએ આપેલ સોગંદનામાની તપાસ કરી છે અને પહેલા ૫૦ ધારાસભ્યો અને નેતાઓની તપાસમાં જેમાંથી ૨૮ નેતાઓને કાળુ નાણું પ્રાપ્ત કરવાના દોષિત જણાવાયા છે જો કે એવું લાગતુ નથી કે કોઇ પણ પક્ષ આ બાબતને મુદ્દો બનાવશે કારણ કે તેમાં મોટાભાગે પાર્ટીના ધારાસભ્યો નેતા અને મોટા લોકો સામેલ છે.

### ભારતની સૌથી મોટી ઓનલાઈન

# એન્ટરટેઈનમેન્ટ ટીકીટની બ્રાન્ડ બુક માય શો હવે ગુજરાતીમાં ઉપલબ્ધ છે

મુબંઈ, તા.૧૨

બુકમાયશો, ભારતની સૌથી મોટી ઓનલાઈન એન્ટરટેઈનમેન્ટ ટીકીટની બ્રાન્ડે તેનાં વિવિધ ભષાનાં ઈન્ટર ફેસમાં હવે ચાર અન્ય ભાષાઓ ઉમેરી છે. ઉપભોક્તઓ હવે સાનુકુળ બ્રાઉસ માટે વિકલ્પો ધરાવે છે અને બુકમાય શો વેબસાઈટ અને એનરોઈડ એપ પર મરાઠી, મલયાલમ, ગુજરાતી અને પંજાબીમાં સોદો કરી શકે છે. હિન્દી,તામિલ,તેલુગુ, કન્નડ અને અગ્રેજી શરૂઆતથી જ ઉપલબ્ધ છે.

આ ભાષાઓની આવૃતિઓ ભાષાની અડચણોમાંથી ઉપભોક્તાઓને બહાર નિકળવામાં મદદ કરવા અને સ્થાનિક વિસ્તારોમાં ઉપભોક્તાઓને વધુ સાનુકુળ બનાવાનાં આશયથી શરૂ કરવામાં આવી છે, ખાસ કરીને તેમનાં ટાયર ૨ અને ટાયર ૩ શહરોમાં વર્સઈી લોકો તેમની મનગમતી ભાષાઓમાં બુકામાય શોનો ઉપયોગ કરી શકે તે આશય આમાં રહેલો છે.

બુકમાય શોનાં હેડ ઓફ પ્રોડક્ટ રાવદીપ ચાવળાએ જણાવ્યું હતું, ભાષા ભારતમાં ઈ કોમર્સ વિકાસનાં આગામી ગાળામાં આવશ્યક પરીબળ છે. આ પડકારને ધ્યાનમાં રાખીને અને ઓનલાઈન એન્ટરટેઈનમેન્ટ ટીકીટને વધુ સમાવેશક બનાવાની સાથે સાથે અમે વિવિધભશષાઓનાં ઈન્ટફેશનો પણ વિર્સ્ઈાર કર્યો છે. બુકમાય શો પર મરાઠી, ગુજરાતી, મલયાલમ અને પંજાબીની શરૂઆત ઉપભોક્તાઓને સ્થાનિક ભાષાઓ પસંદ કરવા સમર્થ બનાવશે.

વિવિધ ભાષામાં ઈન્ટરફેશનો વિકાસ કરતી વખતે ઉપભોક્તાઓનો અનુભવ અસાધારણ રહે તેની ખાતરી કરવા માટે સૌથી નાની બાબતોનું પણ ધ્યાન રાખ્યું છે. અમારા પ્લેટફોર્મ પર પહલેથી ઉપલબ્ધ ભાષાઓ પ્રત્યેનાં પ્રર્ઈભાવો ખુબ પ્રોત્સાહક રહ્યાં છે, કરોડો ઉપભોક્તાઓ અમારી સાથે છેલ્લા કેટલાક મહીનાઓમાં ઈંગ્લીશ સાયની ભાષાઓમાં સોદાઓ કરી રહ્યાં છે. અમને વિશ્વાસ છે કે વધુ ભાષાઓનો સમાવેશ અમને બજારને વધુ વિસ્તરવામાં મદદ કરશે, નવી ભાષાનાં વિકલ્પો ટુંક સમયમાં આઈઓએસ એપ પર શરૂ કરવામાં આવશે.

### હાઈકોર્ટના તારણ બાદ કેસમાં સસ્પેન્સ વધુ ઘેરું

# તલવાર દંપત્તિએ હત્યા કરી નથી તો હત્યા કોણ કરી હતી

નોઈડા,તા. ૧૨

આરુષિ-હેમરાજ હત્યા કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આજે ચુકાદો આપ્યો હતો. ચુકાદો સાંભળ્યા બાદ તલવાર દંપત્તિ ભાવનાશીલ બની ગયા હતા. તલવાર દંપત્તિ હાલમાં ગાઝિયાબાદની દાસના જેલમાં છે. આશરે નવ વર્ષ પહેલા નોઈડાના સેક્ટર ૨૫માં સ્થિત જલવાયુ વિહારમાં આ રહસ્યમય હત્યા થઈ હતી. હાઈકોર્ટના આજના ચુકાદાને લઈને પણ અનેક નવા પ્રશ્નો ઉપસ્થિત રહ્યા છે. હાઈકોર્ટના કહેવા મુજબ આરુષિની હત્યા તેની માતા અને પિતાએ કરી નથી ત્યારે આ હત્યા કરનાર કોણ છે તેને લઈને પણ રહસ્ય વધુ ઘેરુ બન્યું છે. કોર્ટે આજે શંકાનો લાભ આપીને તલવાર દંપત્તિને છોડી મુકવાનો હુકમ કર્યો હતો. જસ્ટિસ બીકે નારાયણ અને જસ્ટિસ એકે મિશ્રાની ખંડપીઠે સાતમી સપ્ટેમ્બરના દિવસે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો અને આજે ચુકાદો આપ્યો હતો. આ હત્યા કાંડ મામલામાં સીબીઆઈની બે તપાસ ટીમો વચ્ચે પણ વિરોધાભાષી અહેવાલની સ્થિતિ હતી. કારણ કે, સીબીઆઈએ મામલામાં બે તપાસ ટીમ બનાવી હતી. બે તપાસ ટીમોએ જુદા જુદા તારણ આપ્યા હતા. એક તપાસ ટીમે વૈજ્ઞાનિક પુરાવા જેમાં નાર્કોટેસ્ટ રિપોર્ટના આધાર પર તારણ આપ્યા હતા. જયારે બીજી ટીમે સંતોષ ન થતાં ફરી તપાસ ચલાવી હતી. આ તપાસ ટીમો કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, તપાસકારો હત્યા માટે કોઈના પર ચાર્જ મુકી શકાય તેવા પુરાવા ધરાવતા નથી. સીબીઆઈની ખાસ અદાલતે ક્લોઝર રિપોર્ટને ફગાવી દીધી હતી અને ત્યારબાદ પ્રવર્તમાન પુરાવાના આધાર પર તલવારના પ્રોસીક્યુશનને આદેશ કર્યો હતો.

**તલવાર દંપત્તિ ચુકાદો સાંભળ્યા બાદથી ગાઝિયાબાદની દાસનાની જેલમાં ભાવનાશીલ બન્યા : ટીવીથી સમાચાર**

## સુરતથી સીધા સમાચાર

# મેયર અસ્મિતાબેન શિરોયાના અધ્યક્ષસ્થાને સુરત શહેરી વિસ્તારનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો





(માહિતી બ્યુરો), સૂરત. તા.૧૨

ગરીબોને તેમના હક્કો હાથોહાથ આપવાના મહાયજ્ઞનો આજરોજ સુરત શહેરમાં પ્રારંભ થયો હતો. શહેરી વિસ્તારના ગરીબ કલ્યાણ મેળામાં મેયર અસ્મિતાબેન શિરોયાના તથા અન્ય મહાનુભાવોના હસ્તે કુલ ૧૭,૬૫૫ જરૂરતમંદોને રૂ.૩૪૯.૫૨ કરોડની સાધન સહાય હાથો હાથ અર્પણ કરવામાં આવી હતી. નાનપુરા ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં સરકારના સમાજ સુરક્ષા, નાયબ નિયામકની વિકસતી જાતિ, નાયબ નિયામકની અનુસૂચિત જનજાતિ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મામલતદાર કચેરીઓ, શ્રમ યોગી કલ્યાણ બોર્ડ, પાલિકાના વિભાગો મળી કુલ ૧૧ વિભાગોની ૪૭ જેટલી યોજનાઓના ૧૭,૬૫૫ જરૂરતમંદોને રૂા.૩૪૯.૫૨ કરોડના લાભો એનાયત થયા હતા. આ પ્રસંગે મેયરે જણાવ્યું કે, રાજય સરકાર અને મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૯થી શરૂ કરવામાં આવેલી ગરીબ કલ્યાણ મેળાની યાત્રામાં આજે ૧૬મો ગરીબ કલ્યાણ મેળો છે. ગરીબ જરૂરતમંદને જુદી જુદી યોજનાઓ અંતર્ગત સુવિધાયુકત ઘર, પાણી, વિજળી મળી રહે તે માટેના રાજય સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે. ૨૦૨૨ સુધીમાં દરેકને ઘરનું ઘર મળી રહે તેવા પ્રધાનમંત્રીના દઢ સંકલ્પને સાકારિત કરવા માટે પાલિકા દ્વારા હજારો મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે તાજેતરમાં પણ ૫૦૦૦ મકાનોનો ડી.પી.આર. તૈયાર કરીને મોકલવામાં આવ્યો હોવાની વિગતો મેયરશ્રીએ આપી હતી. લાભાર્થી મળેલી સહાયનો સદઉપયોગ કરીને આર્થિક ઉન્નતિના નવા શિખરો સર કરે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. રાજય સરકારની પ્રજા સાથેની લાગણીના તારને લઈ આજે રાજયનો આટલો વિકાસ થયો છે. આ સરકાર પાસે કોઈ માંગવા ન આવે તો પણ તેની જરૂરીયાતનું ધ્યાન રાખી તેમને સામે ચાલીને હાથો હાથ સાધન સહાય અર્પણ કરે છે. સુરાજયની સાથે સમતોલ વિકાસના ઉદ્દેશ સાથે રાજય સરકાર કાર્ય કરી રહી છે ત્યારે આ વિકાસના મહાયજ્ઞમાં સૌ કોઈ જાડાય તેવી અપીલ તેમણે કરી હતી.

આ વેળાએ સાંસદ દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકાર સર્વને સાથે રાખીને પ્રજાજનોના સુખ- દુ:ખમાં હંમેશા સહભાગી બની તેમનો વિકાસ કરવામાં માને છે. ત્રણ કરોડ ગરીબ મહિલાઓની વેદનાને વાચા આપીને કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના અંતર્ગત ગેસ કનેકશનો આપ્યા છે. પ્રગતિના પંથે અગ્રેસર એવી સુરત મહાનગરપાલિકાને દર મહિને બે એવોર્ડ મેળવે છે ત્યારે સૌ કોઈ શહેરીજનો વિકાસને હજુ પણ ઉચ્ચતમ કક્ષાએ લઈ જવાના પ્રયાસો કરવાનો સાંસદશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ વેળાએ સ્વાગત પ્રવચન કરતા મ્યુ.કમિશનર એમ.થૈન્નારસને રાજય સરકાર અને મહાનગરપાલિકા યોજવામાં આવેલા ગરીબ કલ્યાણ મેળાઓમાં લાભાર્થીઓને મળેલી સહાયની વિગતો આપી હતી.

આ પ્રસંગે આભારવિધિ કરતા ડે.મેયર શંકર સેવલીએ શહેરના વિકાસની રૂપરેખા આપતા જણાવ્યું કે, ૧૯૯૫માં શહેરમાં ૪૫૦ જેટલી ઝુંપડપટ્ટીઓ હતી. પાલિકા અને સરકારના અથાગ પ્રયાસોથી ૧૮૫ જેટલી ઝુંપડપટ્ટીઓને નાબૂદ કરીને તેમાં રહેનારા ગરીબ પરિવારોને પીવાના પાણી, ડ્રેનેજ જેવી તમામ સુખ સગવડો સાથેના પાકા આવાસો આપવાનું ભગીરથ કાર્ય કર્યુ છે.

આ મેળામાં ધારાસભ્ય રણજીતભાઈ ગીલીટવાલ, ઝંખનાબેન પટેલ, જનકભાઈ પટેલ, શાસકપક્ષના નેતા ગીરીજાશંકર મિશ્રા, સ્થાયી સમિતિના ચેરમેન રાજેશભાઈ દેસાઈ, પદાધિકારીઓ, જિલ્લા તથા પાલિકાના અધિકારીઓ, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત

# મહિલાઓને આર્થિક રીતે પગભર કરતો પ્રોજેકટ એટલે પિન્ક ઓટો રીક્ષા પ્રોજેકટ

(માહિતી બ્યુરો), સૂરત. તા.૧૨



મહિલાઓ આર્થિક રીતે પગભર થઈને સશકત બને તેવા આશયથી સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી.વિભાગ દ્વારા પિન્ક પ્રોજેકટ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ યોજનાનો લાભ લેનાર લાભાર્થી એવા પૂનમબેન નાનુભાઈ પટેલે સુરત ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે, એક સમયે હું પ્રાઈવેટ સેકટરમાં કામ કરતી હતી. ૧૦ કલાકની મહેનત કર્યા પછી હું મહિને દહાડે રૂા.૫૦૦૦નો પગાર મેળવતી. કામનું ભારણ વધુ અને પગાર ઓછો. એક દિવસ સહેલી દ્વારા જાણવા મળ્યું કે, પાલિકા દ્વારા મહિલાઓને પગભર બનાવવા માટે રીક્ષાની તાલીમ આપીને રીક્ષા લેવા માટે લોનમાં પણ મદદરૂપ થાય છે. યુ.સી.ડી.વિભાગનો સંપર્ક કરતા તેમણે મને રીક્ષા ચલાવવાની તાલીમ આપી. પછી પાકુ લાયસન્સ પણ મેળવ્યું. બેક ઓફ બરોડામાં રૂા.૧,૮૭,૦૦૦ની લોન મેળવીને ઘરની રીક્ષા લિધી. જેમાં ૩૦ ટકાની સબસીડીનો લાભ પણ મળ્યો છે. તાજતેરમાં ૨જી જુલાઈના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે અમોને રિક્ષાની ચાવીઓ આપવામાં આવી હતી.

પૂનમબેન પટેલ ગર્વ સાથે કહે છે કે, આજે હું રોજના ૮૦૦ થી ૯૦૦ રૂપિયા કમાઉ છું. સી.એન.જી.નો ૩૦૦નો ખર્ચ બાદ કરતા રોજના ૫૦૦ રૂપિયા ચોખ્ખા કમાઉ છું. શરૂઆતમાં મહિલા તરીકે રીક્ષા ચલાવવામાં થોડો સંકોચ થતો પણ હવે સુરત શહેરના દરેક વિસ્તારમાં રીક્ષા ચલાવીને મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડું છું.

આમ સુરત મહાનગરપાલિકા દ્વારા અનેક મહિલાઓને રીક્ષા ચલાવવાની તાલીમ, લોન અને સબસીડી એમ તમામ સ્તરે મદદ કરીને મહિલાઓ પગભર બનાવી છે. આમ જાણે કે, શહેરમાં મહિલાઓને સુરક્ષિત મુસાફરી અર્થે મહિલાઓ દ્વારા સંચાલિત "પીન્ક ઓટો રીક્ષા અનોખી પહેલ સમાન છે.

# અંબાનગરમાં ખટોદરા પોલીસે છાપો મારી ૨૬ જુગારીઓ પકડયા

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

ઉધના-મગદલ્લા રોડ પર અંબાનગર ખાતે ચાલતા જુગારધામ પર ખટોદરા પોલીસે દરોડા પાડી રોકડા રૂા. ૨૬,૪૦૦ની મતા સાથે ૨૬ પરપ્રાંતિય જુગારીઓની ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ખટોદરા પોલીસના એલ.આર.નિલેશ શામજીભાઈને મળેલી બાતમીના આધારે ઉધના મગદલ્લા રોડ પર સોસિયો સર્કલ પાસે અંબાનગરમાં મકાન નં. બી/૦૬માં બુધવારની બપોરે ત્રણ વાગે દરોડા પાડયા હતા. પોલીસે જુગારીઓ રમેશ નાયક, બાલુ પાત્ર, લાદુ શાહ, રંજન પાત્ર, નારાયણ પાત્ર સહિત ૨૬ જુગારીઓને પકડી પાડયા હતા. પોલીસે તેઓની પાસેથી દાવ પરના રોકડા રૂા. ૩,૭૦૦ અને અંગઝડતીના રોકડા રૂા. ૨૨,૭૦૦ લીધા હતા. પોલીસે હાલ ૨૬ જુગારીઓની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# સુરત જિલ્લા પોલીસે જુદા જુદા ત્રણ સ્થળેથી રૂા. ૧૭.૯૫ લાખનો દારૂ પકડાયા

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

દિવાળી ટાણે સુરત જિલ્લામાં દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો સક્રિય થઇ ગયા છે. જેને ધ્યાનમાં રાખી સુરત જિલ્લા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. જિલ્લા પોલીસે ત્રણ સ્થળે દરોડા પાડી વિદેશી દારૂના જથ્થા સાથે કુલ રૂા. ૧૭.૯૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

સુરત જિલ્લા એલસીબી પોલીસે મળેલી બાતમીના આધારેડ મહુવાના ખરવણ ચાર રસ્તા પાસે વોચ ગોઠવી ગાડી નં. જીજે-૨૪-કે-૧૪૮૫ને આંતરી વિદેશી દારૂ-બિયરની ૯૨૪૭૮ બોટલ (કિંમત રૂા. ૭૨,૦૦૦) કબજે કરી હતી. પોલીસે આરોપી યતીન રમણ હળપતિની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ સપ્લાય કરનાર સોનુ અને મંગાવનાર પીન્ટુ નામના વ્યકિતને વોન્ટેડ જાહેર કર્યા હતા. એલસીબી પોલીસે ગાડી-દારૂ મળી કુલ્લે રૂા. ૧૦.૭૨ લાખની મતા કબજે કરી હતી. કામરેજ પોલીસે પરબ ગામ ઓમ ટેક્ષ્ટાઈલમાં પાર્કમાં દરોડા પાડી ટેમ્પો નં. જીજે-૧૫-એક્સ-૫૧૯૦ને કબજે કરી વિદેશી દારૂની ૧૦૦૮ બોટલ (કિંમત રૂા. ૯૬ હજાર) કબજે કરી હતી. પોલીસ દરોડા દરમિયાન ટેમ્પા ચાલક નાસી ગયો હતો. પોલીસે કુલ્લે રૂા. ૬.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ કામરેજ પોલીસે વેડછા ગામે દરોડા પાડી રૂા. ૨૭,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે બુટલેગર અક્ષય રત્નાભાઈને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# ઉકાઈમાં ૨૪ હજાર ક્યુસેક પાણીની આવક થતા ડેમની સપાટી ૩૨૩.૧૬ ફુટે પહોંચી

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ગેજસ્ટેશનમાં સતત ત્રણ દિવસથી ધીમી ધારે વરસાદ થતા હથનુર ડેમમાંથી તાપી નદીમાં ૧૦ હજાર ક્યુસેકનો ડિસ્ચાર્જ હોવાથી ઉકાઈ ડેમમાં ૨૪ હજાર ક્યુસેક પાણીની આવક શરૂ થઈ છે.

સિંચાઈ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત ચોવીસ કલાક દરમ્યાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલ ૨૧ ગેજસ્ટેશનમાં સતત ધીમી ધારે વરસાદ થઈ રહ્યો છે. ચીખલધરામાં ૧૮મીમી, ગોપાલખેડામાં ૧૩મીમી, દેડતલાઈમાં ૮મીમી, બુરહાનપુરમાં ૯મીમી, યરલીમાં ૧૧મીમી, હથનુરમાં ૧૨મીમી, ગીરનામાં ૨૧મીમી, દહીગામમાં ૬મીમી, ધુલીયામાં ૧મીમી, સાવખેડામાં ૧મીમી, સારનખેડામાં ૬મીમી, સાગબારામાં ૨૦મીમી, નંદરબારમાં ૧૩મીમી, નિઝામપુરમાં ૩મીમી મળી કુલ ૧૩૬મીમી જેટલો અને સરેરાશ ૬.૫૦મીમી વરસાદ નોંધાયો છે.

હથનુર ડેમની ભયજનક સપાટી ૨૧૪ મીટરની સામે આજની સપાટી ૨૧૩.૯૪ મીટર નોંધાઈ છે. હથનુર ડેમમાંથી તાપી નદીમાં ૧૦,૪૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ઉકાઈ ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટની સામે આજની સપાટી ૩૨૩.૧૬ ફુટ નોંધાઈ છે. ઉકાઈમાં ૨૪૪૩૬ ક્યુસેકની આવક શરૂ થઈ છે. જ્યારે ડેમમાંથી ૬૦૦ ક્યુસેક પાણી સિંચાઈ માટે છોડાઈ રહ્યું છે.

# કોમ્યુનિટી લીડરોને સ્વચ્છતા ઝુંબેશમાં સામેલ કરી લોકજાગૃતિ કેળવવા પ્રયાસ

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

માહે ઓક્ટોબર ૨૦૧૭ની તા.૨-૧૦-૨૦૧૭ના રોજ સ્વચ્છ ભારત અભિયાન નિમિત્તે સરકાર દ્વારા તા.૬ તથા ૭-૧૦-૨૦૧૭નાં રોજ સ્વચ્છ ભારત મિશનનાં એમ્બેસેડર તથા કોમ્યુનિટી લીડરને સામેલ કરી જાહેરમાં સ્વચ્છતા શપથનો કાર્યક્રમ યોજવા જણાવવામાં આવેલ હતું. જે અંતર્ગત તા.૬ તથા તા.૭-૧૦-૨૦૧૭ન દરમ્યાન દરેક ઝોન વિસ્તારનાં નાયબ આરોગ્ય અધિકારીઓએ સ્વચ્છ ભારત મિશનનાં એમ્બેસેડરો તથા કોમ્યુનિટી લીડરોની અધ્યક્ષતામાં મીટિંગનું આયોજન કર્યા બાદ સદર મીટિંગમાં ઝોનનાં ફરજ બજવતાં સ્ટાફનાં કર્મચારીઓ, એનજીઓ તથા નગરજનોને એકત્રિત કરી સ્વચ્છ ભારત મિશનનાં એમ્બેસેડરો તથા કોમ્યુનિટી લીડરો મારફતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સુરત સીટી ફર્સ્ટ લાવવા માટેનો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ તેમજ આ અંગેની કરવાની કામગીરીઓ બાબતે વિસ્તૃત જાણકારી આપ્યા બાદ મા.વડાપ્રધાનની સ્વચ્છતાની ઝુંબેશમાં સુરત મહાનગરપાલિકા અથાગ પ્રયત્નો કરી રહી છે તે સ્વચ્છતામાં વધુને વધુ પ્રમાણમાં સુરત શહેરનાં દરેક દરેક નાગરિકો અને સ્ટેક હોલ્ડરો ભાગ લે તે માટે મીટિંગમાં ઉપસ્થિત રહેલ તમામ કર્મચારી નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઉકાઈમાં ૨૪ હજાર ક્યુસેક પાણીની આવક થતા ડેમની સપાટી ૩૨૩.૧૬ ફુટે પહોંચી

(છગનલાલ મેવાડા) સુરત, તા.૧૨

ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ગેજસ્ટેશનમાં સતત ત્રણ દિવસથી ધીમી ધારે વરસાદ થતા હથનુર ડેમમાંથી તાપી નદીમાં ૧૦ હજાર ક્યુસેકનો ડિસ્ચાર્જ હોવાથી ઉકાઈ ડેમમાં ૨૪ હજાર ક્યુસેક પાણીની આવક શરૂ થઈ છે. સિંચાઈ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત ચોવીસ કલાક દરમ્યાન ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલ ૨૧ ગેજસ્ટેશનમાં સતત ધીમી ધારે વરસાદ થઈ રહ્યો છે. ચીખલધરામાં ૧૮મીમી, ગોપાલખેડામાં ૧૩મીમી, દેડતલાઈમાં ૮મીમી, બુરહાનપુરમાં ૯મીમી, યરલીમાં ૧૧મીમી, હથનુરમાં ૧૨મીમી, ગીરનામાં ૨૧મીમી, દહીગામમાં ૬મીમી, ધુલીયામાં ૧મીમી, સાવખેડામાં ૧મીમી, સારનખેડામાં ૬મીમી, સાગબારામાં ૨૦મીમી, નંદરબારમાં ૧૩મીમી, નિઝામપુરમાં ૩મીમી મળી કુલ ૧૩૬મીમી જેટલો અને સરેરાશ ૬.૫૦મીમી વરસાદ નોંધાયો છે.

હથનુર ડેમની ભયજનક સપાટી ૨૧૪ મીટરની સામે આજની સપાટી ૨૧૩.૯૪ મીટર નોંધાઈ છે. હથનુર ડેમમાંથી તાપી નદીમાં ૧૦,૪૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ઉકાઈ ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટની સામે આજની સપાટી ૩૨૩.૧૬ ફુટ નોંધાઈ છે.

## ગાંધીનગરથી સીધા સમાચાર

### ગુજરાત સરકારના દિવાળી ભેટ આપતા વધુ કેટલાક નિર્ણયો

# આઠ લાખ અધિકારી, કર્મી તેમજ પેન્શનરોને એક ટકા ભથ્થુ મળશે

અમદાવાદ, તા. ૧૨

નાયબ મુખયમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવઈ શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આ માટે રાજય સરકારને રૂપિયા ૧૧.૮૭ કરોડનું વધારાનું ભારણ થશે. આનો લાભ રાજ્ય સરકાર અને પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ (માન્યતાવાળા કર્મચારીઓ) તથા બોર્ડ નિગમના વર્ગ-૪ના અંદાજે ૩૫ હજાર કર્મચારીઓને લાભ થશે તેમ તેમણે ઉમેર્યું હતું. નીતીન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વ્યવહાર નિગમના અધિકારી-કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના સેટલમેન્ટ મુજબ એચઆરએની ૨૧ માસની રકમ ખાસ કિસ્સામાં ચુકવાશે. તેમણે ઉમેર્યું હતું કે એસટી નિગમના અધિકારી-કર્મચારીઓને ૧-૪-૨૦૦૯થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળા માટે સુધારેલ એચઆરએના તફાવતની રકમ, ખાસ કિસ્સામાં ચુકવાશે તે માટે રાજ્ય સરકારને રૂપિયા ૬૮.૬૯ કરોડની નાણાંકીય સહાયની રકમ એસટી નિગમને ફાળવી આપેલ છે જેના કારણે એસટીના કર્મચારીઓને તેનું ચુકવણી કરી દેવામાં આવશે જેનો લાભ નિગમના ૪૧૦૦૦ કર્મચારીઓને મળશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગપાલિકાઓમાં કામ કરતા સફાઈ કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. મહાનગર પાલિકા અને નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓનું ફરજ દરમિયાન મૃત્યુ કે કાયમી અસમર્થ બને તો તેવા સંજોગોમાં રહેમરાહે નોકરી અપાશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કર્મચારીઓનું ફરજ દરમિયાન મૃત્યુ થાય ત્યારે તેના વારસદારોને જીવન નિર્વાહ માટે તકલીફ ન પડે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી આ સરકારે સંવેદનશીલ નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકાઓમાં જો વારસદારને નોકરીના બદલે જો રોકડ સહાયની માંગણી કરે તો મહાનગરપાલિકા સહાય આપી શકશે પરંતુ પછી તેના વારસદારને આ હક મુજબ નોકરી મળશે નહીં. રાજ્યની નગરપાલિકાઓમાં જગ્યા પર ફરજ બજાવતા કાયમી સફાઈ કર્મચારીઓ અશક્તતા કે માંદગીના કારણોસર કે અન્ય અસામાન્ય કારણોને લીધે ફરજો બચાવી શકે તેમ ન હોય, અશક્તકતા, માંદગીના કારણે નોકરી કરવા અસમર્થ બને તેવા કિસ્સાઓમાં રહેમરાહે નોકરી આપવામાં આવશે, તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, શહેરી વિકાસ વિભાગે આ માટે ૪૮ ટકા મહેકમ ખર્ચની જે મર્યાદા હતી તે સફાઈ કામદારોની ભરતી કરવા માટે કેટલીક શરતો સાથે રદ કરી છે જેથી હવે રોજમદાર કર્મચારીઓને કાયમી કરવા માટે નગરપાલિકાને વધુ સત્તા મળશે.નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે તેના અધિકારી, કર્મચારીઓને ૭માં પગાર પંચના લાભો પુરો પવાડ્યા છે. સાથે સાથે ફિક્સ પગારના કર્મચારીઓના વેતનમાં પણ ઉત્તરોતર વધારો કર્યો છે. ત્યારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સહયોગી કંપનીઓમાં ફરજ બજાવતા વિદ્યુત સહાયકોના ફિક્સ પગારમાં પણ નોંધપાત્ર વદારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે જેનો લાભ ૭૦૪૯ કર્મચારીઓને મળશે અને વિદ્યુત કંપનીઓને રૂપિયા ૨૨.૬૯ કરોડનું વધારાનું ભારણ થશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આ નિગમોમાં ચાર કેડરોમાં વિદ્યુત સહાયકો ફરજો બચાવે છે જેમાં ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ, હેલ્પર, જુનિયર આસીસ્ટન્ટ, પ્લાન્ટ એટેડન્ટ (ગ્રેડ-૧), જુનિયર એન્જિનિયર કેડરના ૭૦૪૯ જેટલા કર્મચારીઓને આ લાભો મળશે. જેમાં ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ, હેલ્પરના કિસ્સાઓમાં રૂપિયા ૨૫૦૦, જુનિયર આસીસ્ટન્ટ અને પ્લાન્ટ એટેડન્ટ (ગ્રેડ-૧)ના કિસ્સામાં રૂપિયા ૩૫૦૦ તથા જુનિયર કેડરમાં રૂપિયા ૫૦૦૦નો વધારો કરાયો છે.નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આઠ લાખથી વધુ અધિકારી, કર્મચારી અને પેન્શનરોને એક ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે જેનાથી રાજ્ય સરકારને ૨૭૩ કરોડ રૂપિયાનો વધારાનો બોજ ઉપાડવો પડશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના અધિકારી, કર્મચારીઓના હિત માટે રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણય કર્યા છે. રાજ્ય સરકારના અધિકારી, કર્મચારીઓ તેમજ પેન્શનરોને મળી કુલ ૮૨૦૭૬૪ અધિકારી, કર્મચારીઓને રાજ્ય સરકારે સાતમાં નાણા પંચના લાભો મંજુર કરીને પગાર અને પેન્શન ચુકવવામાં આવી રહ્યું છે તેના ઉપર હવે એક ટકા મોંઘવારી ભથ્થુ ૧-૭-૨૦૧૭થી રોકડમાં ચુકવવામાં આવશે.

## નિર્ણયથી ૮૨૦૭૬૪ કર્મચારીઓને સીધો લાભ : સરકાર પર ૨૭૩ કરોડનો બોજ : વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ ચુકવાશે : એસટી કર્મીને પણ રાહત

# ધનતેરસનો દિવસ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૨

દિવાળીના દિવસો હવે શરૂ થશે જેમાં તા. ૧૭-૧૦-૨૦૧૭ના રોજ ધનતેરસ હોવાથી આ દિવસ ભગવાન ધન્વતરીનો પ્રાગટ્ય દિવસ હોવાથી કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું છે. આ અંગે જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું હતું કે, ધનતેરસના દિવસે મંગળવારે સવારે ૯-૦૦ કલાકે બલરામ મંદિર, ઉમિયા માતા મંદિર પાસે સેકટર-૧૨ ખાતે ઉજવાશે. તેમ જણાવતાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. બી.ટી.પટેલે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અંગે ભારતીયો માટે ગૌરવપ્રદ આ બાબતની ઉજવણી હોવાનું જણાવતા કહ્યું કે, આયુર્વેદ એ આપણું પ્રાચિન ચિકીત્સા શાસ્ત્ર છે. શરીરમાં કોઈપણ અવસ્થામાં કોઈપણ પ્રકારના દુ:ખાવામાં આયુર્વેદમાં કટીબસ્તી જાનુ બસ્તી અગ્નીકર્મ શિરોધારા જેવા અનેક ઉપચારો આયુર્વેદ શાસ્ત્રમાં બતાવેલ છે. તે તજજ્ઞ વક્તા ડૉ. પ્રજ્ઞેશભાઇ પટેલ અમદાવાદ સ્થિત છે તેઓ ઉપસ્થિત રહી આયુર્વેદનો ભવ્ય ઈતિહાસ વિષે જાણકારી આપશે. આ કાર્યક્રમ અંતર્ગત પતંજલિ યોગ સંસ્થા ગાંધીનગર દ્વારા સવારે વૈદિક યજ્ઞ પણ કરવામાં આવનાર હોવાનું જીલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. બી.ટી.પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# વર્લ્ડ બ્લાઈન્ડ ડેના દિવસે અંધજનો માટે પીડીપીયુના વિદ્યાર્થી દ્વારા સારથીની ભેટ

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૨

આજે વર્લ્ડ બ્લાઈન્ડ ડે હતો જેને લઈ ઠેકઠેકાણે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરંતુ સૌથી મહત્વની શોધ અંધજનો માટે પીડીપીયુના વિદ્યાર્થીઓએ કરી હોવાની માહિતી આજે અખબાર ભવન ખાતે સવારે આવી પહોંચેલા બ્લાઈન્ડ મેન ગગનભાઈ દ્વારા ખુશાલી વ્યક્ત કરાઈ હતી. અને તેમણે પીડીપીયુના વિદ્યાર્થીઓને મિડીયાના માધ્યમથી અભિનંદન આપતા જણાવ્યું હતું કે, માત્ર રમકડાની બંદુક જેવું નાનું ઈન્સ્ટુમેન્ટ પીડીપીયુના વિદ્યાર્થીઓએ બનાવ્યું છે. જેના થકી કોઈપણ અંધજન વ્યક્તિ ગમેતેટલી ભીડમાં કોઈને અથડાતો નથી. અને તે અથડાયા વગર ગંતવ્ય સ્થળે પહોંચી જાય છે. જો વચ્ચે કોઈ અવરોધ હોય તો ઈન્સ્ટુમેન્ટ તરતજ સંકેત આપી દે છે. સેન્સરની ટેકનોલોજીના માધ્યમથી ચાલતુ ઈન્સ્ટુમેન્ટ અંધજન વ્યક્તિ માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. અને તેનું નામ પણ "સારથી" સાર્થક રીતે અપાયુ હોવાનું જણાવ્યું હતું. મહાભારતમાં અર્જુનને ચલાવવા માટે ભગવાન કૃષ્ણએ સારથીની ભુમિકા ભજવી હતી. અને ચર્મચક્ષુઓના જ્ઞાતા એવા અર્જુનને ભગાવન કૃષ્ણએ કુરૂક્ષેત્રના મેદાનમાં દિવ્ય ચક્ષુ આપ્યા હતા. જેથી આરપારની લડાઈ લડવાનું સામર્થ્ય અર્જુનમાં ઉભુ થયું. જો કે તે બાબત જ્ઞાનની છે. પરંતુ જન્મથી જ દ્રષ્ટિહીન વ્યક્તિઓ પાસે સારથીની જરૂર અવશ્ય હોય છે. પહેલા તો માત્ર અંધવ્યક્તિ આ શારિરીક ખોડના કારણે પોતાના જીવન માટે અભિષાપ રૂપ જીવવા મજબૂર બનતો પરંતુ હવે તે ખંત અને ખુમારીથી અન્ય લોકોની જેમ નોકરી, ધંધો, વ્યવસાય, કૌશલ્ય દાખવી જીવે છે. આજે વર્લ્ડ બ્લાઈન્ડ ડેના દિવસે સેકટર-૧૧ સ્થિત અખબાર ભવન આવી પહોંચેલા નેત્ર હિન વ્યક્તિ ગગનભાઈ પણ સેકટર-૧૨ની માધ્યમિક (આજની વિવેકાનંદ) સ્કુલમાં શિક્ષક અને તે પણ માધ્યમિક સ્કુલના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય ભણાવતા આજે તો ગગનભાઈ નિવૃત્ત જીવન ગાળે છે. પરંતુ ત્રીસ વર્ષ પહેલાના ભુતપૂર્વ વિદ્યાર્થીને તેના અવાજ ઉપરથી સૌ કોઈની ઉપસ્થિતિ વચ્ચે નામ દઈને બોલાવતા અચંબો થયા વગર રહેતો નથી. તેમની મહેચ્છા પણ આજના વર્લ્ડ બ્લાઈન્ડ ડેના દિવસે પત્રકારોને મળવાની હતી. જેથી અખબાર ભવન આવી પહોંચ્યા હતા. પીડીપીયુના વિદ્યાર્થીઓ દ્વારા અંધ વ્યક્તિઓ માટે સહાયતા રૂપ સાધનના સંસોધન "સારથી" ઈન્સ્ટુમેન્ટની ભેટ અંગે વાત કરી હતી. અને અમદાવાદ અંધજન મંડળ ખાતે આ કાર્યક્રમ સાંજે હોવાનો ઉલ્લેખ પણ કર્યો હતો. પીડીપીયુના વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ ઈન્સ્ટુમેન્ટ જો બગડે તો તેને રીપેરીંગ અંધજન વ્યક્તિ પોતે જ કરી શકે તેવી બાબતે તેને શિક્ષણ આપવાની ખેવના ગગનભાઈએ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, જો નેત્રહિનો મોટર રીવાઈન્ડીંગ કરી શકે તો દિવ્યાંગો સારથી ઈન્સ્ટુમેન્ટ પણ રીપેર કરી શકશે. આજના દિવસે અંધજન વ્યક્તિઓને પીડીપીયુના વિદ્યાર્થીઓ દ્વારા અલભ્ય ભેટ અપાઈ હતી.

# ગાંધીનગરમાં દબાણ તેમજ આડેધડ વાહન પાર્ક કરવાથી ભારે હાલાકી અનુભવતા નગરજનો

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૨

શહેરમાં દબાણ તેમજ આડેધડ વાહન પાર્ક કરવાનો પ્રશ્ન માથાના દુ:ખાવા સમાન બનવા પામ્યો છે. દબાણ હટાવાની કાર્યવાહી અવાર-નવાર કરવા છતાં ઉભા થઈ જતાં દબાણના કારણે તંત્રના અધિકારીઓ માથું ખંજવાળવા લાગી જતાં હોય છે. નગરના સેકટર-૨૧, ૨૪, ૭ સહિત અન્ય વિસ્તારમાં આડેધડ વાહન પાર્ક તેમજ દબાણકારોના કારણે અનેક લોકો મુશ્કેલી અનુભવતા હોય છે.

ગાંધીનગર શહેરમાં દબાણની સાથે આડેધડ વાહન પાર્ક કરવાની સમસ્યા ઘણા સમયથી ઉભી થવા પામી છે. ત્યારે દિવાળીના દિવસો નજીક આવતા પાટનગરના બજારમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. જેમાં શહેરના સેકટર-૨૧ સહિત અન્ય મુખ્ય બજારોમાં ખરીદારોની સંખ્યામાં વધારો થતાં વાહન પાર્ક કરવા લોકોને અગવડ પડવા લાગી છે. નાના ધંધા, રોજગાર સાથે સંકળાયેલ લારી ગલ્લા ધારકો તેમજ પાથરણા વાળાઓએ નગરના વિવિધ બજારમાં આવેલી પાર્કિંગ તેમજ મુખ્ય માર્ગની જગ્યા પર અડીંગો જમાવી દેવાના કારણે ખરીદારી અર્થે આવતા લોકોને હાલાકી ઉભી થઈ છે. સેકટર-૨૧ના મુખ્ય શોપીંગ સેન્ટરની પાર્કિંગ જગ્યા ઉપર મોટે ભાગે લારી ગલ્લા ધારકોના અડીંગાથી વાહન ચાલકોને પોતાના વાહન મુખ્ય માર્ગ ઉપર પાર્ક કરવાથી અવાર-નવાર ટ્રાફીક જામ સર્જાઈ જવા પામે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સેકટર-૨૧ શોપીંગ સેન્ટરમાં ઘણા સમયથી બંધ પડેલા ફુવારાની જગ્યાએ પાર્કિંગ પોલેસ બનાવવાનો નિર્ણય હજુ સુધી સાકાર થવા પામ્યો નહી હોવાથી શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી આવતા લોકોને વાહન પાર્ક કરવા મુશ્કેલી પડી રહી છે. જયારે સેકટર-૨૪ તેમજ સેકટર-૭ના વિસ્તારમાં પણ આ પરિસ્થિતિ યથાવત રહેવા પામી છે. આમ ગાંધીનગરમાં દિવાળીના તહેવારોમાં ખરીદારી અર્થે આવતા નગરજનોને દબાણ તેમજ આડેધડ વાહન પાર્ક કરવાની સમસ્યાથી હાલાકી વેઠવી પડી રહી છે.

# એસીબી દ્વારા ગાંધીનગર આરટીઓ કચેરીએ છટકુ ગોઠવી લાંચીયાને ઝડપી લીધા

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૨

ગાંધીનગર આરટીઓ ઓફિસમાં એસીબીએ રેડ કરી એક આસિસ્ટન્ટ ઈન્સ્પેકટર તથા વચેટીયાને લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.

ઉપરોક્ત બનાવ અંગે આધારભૂત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ફરીયાદીની રેતી ભરેલી બે ટ્રક તા. ૧૦-૧૦-૨૦૧૭ના રોજ ગાંધીનગર આરટીઓ ઓફિસના આસિસ્ટન્ટ ઈન્સપેકટર નીતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ દ્વારા પકડી પાડવામાં આવી હતી. અને જેની કાયદેસરની કાર્યવાહી કરવા મેમો નહીં આપવા માટે મિડલ મેન એજન્ટ તરીકે ભરતભાઈ સેંધાભાઈ પ્રજાપતિને રાખ્યા હતા. અને આસિસ્ટન્ટ ઈન્સપેક્ટર દ્વારા આ માટે વીસહજારની માંગણી કરવામાં આવી હતી. તેમાંથી દશ હજાર રૂપિયા જે તે સમયે આસિસ્ટન્ટ ઈન્સપેકટર નિતીનભાઈ પટેલે લઈ લીધા હોવાનું ફરીયાદીએ એસીબીને જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે. બાકીના દશ હજાર આજ રોજ લાંચ પેટેના છટકા દરમ્યાન મધ્યસ્થી બનેલા મીડલ મેન એજન્ટ ભરતભાઈ સેંધાભાઈ પ્રજાપતિ મારફતે ગાંધીનગર આરટીઓ ઓફિસના આસિસ્ટન્ટ ઈન્સપેક્ટર નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ સ્વીકારવા જતા એસીબીના છટકામાં રંગે હાથે લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે આરટીઓ ખાતે રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા દ્વારા ચૌદ આરટીઓને નિમણુંક પત્રો એનાયત કર્યા હતા જેમાં મંત્રીએ નવનિયુક્ત આરટીઓને શુભેચ્છાઓ પાઠવીને પ્રામાણિકતાથી પોતાની ફરજો નિભાવી એક ઈજ્જતદાર તરીકે નામના મેળવવા શિખામણ આપી હતી. તે પછી શેઠની શિખામણ ઝાંપા સુધી તેવી કેહવતની જેમ થોડાક જ સમયમાં આ ઘટના લાંચરૂશ્વતની બનતા ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.

ચોથા ચરણમાં ઉત્તર ગુજરાતનો ચૂંટણી પ્રવાસ કરશે

# રાહુલ ગાંધી હવે દિવાળી પછી ગુજરાત પરત આવશે



અમદાવાદ,તા. ૧૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી હવે દિવાળી બાદ ફરીથી ગુજરાતની મુલાકાતે આવશે અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઇ ત્રીજા તબક્કામાં તેઓ દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોનો ચૂંટણી પ્રવાસ કરશે. સૌથી છેલ્લે રાહુલ ગાંધી ૪થા તબક્કામાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ફરી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. દક્ષિણ અને ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન પણ રાહુલ ગાંધી મહત્તમ દેવ દર્શન અને ગરીબ અને પછાત મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ યોજી જાહેરસભાઓ, રોડ-શો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમો યોજશે. તો, બીજીબાજુ, રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસની જબરદસ્ત સફળતા અને સાંપડેલા અભૂતપૂર્વ લોકસમર્થન બાદ ગુજરાત કોંગ્રેસમાં જોરદાર ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે અને તેથી હવે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસને પણ સફળ બનાવવાની અસરકારક કવાયત હાથ ધરવામાં આવી છે. રાહુલ ગાંધીએ સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસ દરમ્યાન કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાતની ભાજપ સરકાર પર નોટબંધી, જીએસટી ઉપરાંત, બેરોજગારી, ખેડૂતો, મહિલાઓ સહિતના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા તો સાથે સાથે કોંગ્રેસની સરકાર આવે તો રાજયમાં ખેડૂતોના તમામ દેવા માફ, બેરોજગાર યુવાનોને રોજગાર, મહિલાઓને સુરક્ષાના વચનો આપવાની સાથે કોંગ્રેસની સરકાર એ લોકોની સરકાર હશે તેવી ખાતરી આપી હતી. રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોનના ચૂંટણી પ્રવાસને સફળતા બાદ તાજેતરના મધ્ય ઝોનના ચૂંટણી પ્રચારકાર્યને પણ અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો હતો. ખાસ કરીને આદિવાસી અને પછાત વિસ્તારોમાં રાહુલ ગાંધીનું લોકોએ ફુલહારથી સ્વાગત કરી તેમનું અભિવાદન ઝીલવા ભારે પડાપડી કરી હતી. રાહુલ ગાંધીની જાહેરસભામાં ઉમટેલા લોકો અને તેમના ઉત્સાહને લઇને જ આ વાત સ્પષ્ટ થઇ જતી હતી. રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસની સફળતા અને લોકસમર્થનને જોઇને ગુજરાત કોંગ્રેસમાં પણ આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મ્હાત આપવા નવા પ્રાણ જાણે ફુંકાયા છે.

કોંગ્રેસના સામાન્ય કાર્યકરથી લઇ ટોચના નેતાઓ અને સ્થાનિક આગેવાનોમાં નવા ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે. જેથી દિવાળી બાદ હવે રાહુલ ગાંધીના ત્રીજા તબક્કામાં દક્ષિણ ગુજરાત અને ત્યારબાદ છેલ્લા ૪થા તબક્કામાં ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસને લઇ ગુજરાત કોંગ્રેસ દ્વારા કવાયત હાથ ધરાઇ છે. દિવાળી પછી તા.૨૪ ઓકટોબરની આસપાસ રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતની શકયતાઓ સેવાઇ રહી છે, તેથી ગુજરાત કોંગ્રેસના આગેવાનો અને સ્થાનિક નેતાઓએ દક્ષિણ ગુજરાતના રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસને સફળ બનાવવાની તૈયારીઓ આરંભી છે. પોતાના ત્રીજા અને ૪થા તબક્કાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ મહત્તમ દેવ દર્શન અને આમ આદમી સાથે સીધો સંવાદ કરી કોંગ્રેસ તરફી જનમત ઉભો કરશે.

રાહુલ ગાંધી સાથેની બેઠકમાં અતિ મહત્વનો નિર્ણય

# ચૂંટણીને લઇ ગુજરાત કોંગ્રેસ માટે ૨૧૨ નિરીક્ષક નિમાયા

અમદાવાદ,તા. ૧૨

ગુજરાત કોંગ્રેસના નેતાઓની કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે આજે નવી દિલ્હી ખાતે યોજાયેલી અગત્યની બેઠકમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાત કોંગ્રેસ માટે ૨૧૨ નીરીક્ષકોની નિમણૂંક કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નીરીક્ષકોમાં રાજસ્થાન, મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્યો અને સંસદસભ્યોનો પણ સમાવેશ કરાયો છે. દરેક નીરીક્ષકોને ગુજરાતમાં વિધાનસભા બેઠક દીઠ જવાબદારી સોંપવામાં આવશે.

કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકને લઇ દિલ્હી પહોંચેલા ગુજરાત કોંગ્રેસના નેતાઓની એક અગત્યની બેઠક પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે પણ યોજાઇ હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સિનિયર નેતા શકિતસિંહ ગોહિલ, સિધ્ધાર્થ પટેલ સહિતના નેતાઓ હાજર રહ્યા હતા તો, બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ અને કોંગ્રેસના ગુજરાતના પ્રભારી એહમદ પટેલે ખાસ હાજરી આપી હતી. બેઠકમાં ચર્ચા વિચારણાના અંતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇને દરેક વિધાનસભા મતક્ષેત્ર દીઠ નીરીક્ષકોની નિમણૂંકનો મુદ્દો હાથ પર લેવાયો હતો અને પુખ્ત વિચારણાના અંતે ગુજરાત કોંગ્રેસ માટે ૨૧૨ નીરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી. આ તમામ નીરીક્ષકોને ગુજરાત રાજયની ૧૮૨ વિધાનસભા બેઠકો પર બેઠક દીઠ જવાબદારી સોંપવામાં આવશે. કોંગ્રેસ પક્ષ દ્વારા નિયુકત કરાયેલ આ નીરીક્ષકોમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર રાજયના પૂર્વ ધારાસભ્યો અને સંસદસભ્યોનો ખાસ સમાવેશ કરાયો છે. જેઓ ગુજરાત કોંગ્રેસ માટે ચૂંટણીલક્ષી મહત્વની નીરીક્ષણની જવાબદારી સંભાળશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઇ ગુજરાત કોંગ્રેસમાં પ્રચાર પ્રસારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે, તો બીજીબાજુ, વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનું સંગઠન, લોકોમાં તેનું પાસુ વધુ મજબુત કરવા અને પક્ષ તરફી વિશાળ જનમત ઉભો કરવાના હેતુથી કોંગ્રેસ દ્વારા મહત્વના નિર્ણયો પણ તાત્કાલિક અસરથી લેવાઇ રહ્યા છે. તેના ભાગરૂપે આજે કોંગ્રેસ દ્વારા ૨૧૨ નીરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર તરફથી રજૂઆત બાદ હાલ તારીખ ટળી ગઈ

# ગુજરાતમાં ૧૮મી ડિસેમ્બર પૂર્વે ચૂંટણી યોજાશે : ચૂંટણી પંચ

ગાંધીનગર,તા. ૧૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે કાર્યક્રમ જાહેર થતાં આની ચર્ચા જોવા મળી હતી. જો કે, આ સંદર્ભમાં ચૂંટણી પંચે કેટલાક તારણો આપ્યા હતા. ગુજરાતમાં ચૂંટણીની તારીખોમાં હજુ વિલંબ થઇ શકે છે. જો કે, ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગુજરાત ચૂંટણી પણ ૧૮મી ડિસેમ્બર પહેલા જ યોજાઇ જશે. ચૂંટણીની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. ગુજરાતના ચીફ સેક્રેટરીઅને રાજ્ય સરકારે ચૂંટણી પંચને પત્ર લખીને વધારાના સમયની માંગણી કરી હતી. કારણ કે, જુલાઈ મહિનામાં આવેલા પુર અને રાહત અને પુનઃવસવાટના કામો હજુ પરિપૂર્ણ કરવામાં આવ્યા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર એકે જ્યોતિ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. માર્ગો સંપૂર્ણપણે ધોવાઇ ગયા હતા. સપ્ટેમ્બર મહિનામાં રાહત કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી જેથી રાજ્ય સરકારે આચારસંહિતા અમલી બને તે પહેલા વધારાના સમયની માંગણી કરીહતી. આ ઉપરાંત પણ ચૂંટણીપંચે અન્ય કેટલાક કારણો આપ્યા હતા. જો કે, પંચે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ૧૮મી ડિસેમ્બર પહેલા પરિપૂર્ણ કરી લેવામાં આવશે. ગુજરાતમાં ૧૮૨ સભ્યોની વિધાનસભાની અવધિ ૨૨મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે પૂર્ણ થનાર છે. આવી જ રીતે ગુજરાતમાં વિધાનસભાની અગાઉની ચૂંટણી એટલે કે ૨૦૧૨માં બે તબક્કામાં યોજાઇ હતી. ૧૩મી અને ૧૭મી ડિસેમ્બરના દિવસે બે તબક્કામાં વર્ષ ૨૦૧૨માં ચૂંટણી યોજાઇ હતી.હાલમાં કેન્દ્રિય ચૂંટણી પંચે ગુજરાતની મુલાકાત લઇને ચૂંટણી તૈયારીની સમીક્ષા કરી હતી. રાજકીય પક્ષો સાથે બેઠકો પણ યોજી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ હાલમાં ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી હતી. જે દરમ્યાન ચૂંટણી પંચના અધિકારીઓએ વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તથા સત્તાધીશો સાથે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા કરી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી મુક્ત અને વાજબી વાતાવરણમાં યોજવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી અને સ્પષ્ટ કરી દીધુ હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં જ યોજાશે. ચૂંટણી દરમ્યાન નાણાંનો દૂરપયોગ નાથવા માટે ૨૪ કલાકના કંટ્રોલ રૂમ રાજયમાં શરૂ કરવાની વાત પણ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. સાથે સાથે સર્વેલન્સ સ્કવોડની ટીમો ચેકીંગ માટે ઉતારવાની વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત બેંક ટ્રાન્ઝેકશન પર પણ સતત નજર રાખવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો હતો. રાજયમાં વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ૫૫ હજાર જેટલા પોલીંગ સ્ટેશન ઉભા કરવામાં આવનાર છે. જયાં સીસીટીવી કેમેરા, લોખંડી સુરક્ષા વ્યવસ્થા સહિતની ફુલ પ્રુફ વ્યવસ્થા તૈનાત કરવાની વાત પણ હાલમાં ચૂંટણી પંચે કરી હતી. ગુજરાત રાજયમાં ૨૫મી સપ્ટેમ્બરે મતદાર યાદી સુધારણા પૂર્ણ થઇ ગઇ હતી અને રાજયમાં કુલ ૧૦ લાખ, ૪૬ હજાર નવા મતદારો ઉમેરાયા છે.આ સાથે રાજયના કુલ મતદારો ચાર કરોડ, ૩૩ લાખ મતદારો નોંધાયા છે. રાજયમાં કુલ ૫૦,૧૨૮ મતદાન મથકો ઉભા કરાશે, ગત ચૂંટણી કરતાં આ વખતે પાંચ હજાર જેટલા મતદાન મથકોનો વધારો કરાયો છે. ચૂંટણી દરમ્યાન નાણાંકીય દૂરપયોગ નાથવા ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવનાર છે. પંચની ટીમને બે દિવસની ગુજરાતની મુલાકાત દરમ્યાન વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, પ્રતિનિધિઓ અને લોકોએ મળીને કેટલીક રજૂઆતો કરી હતી અને સારી રીતે ન્યાયપૂર્ણ વાતાવરણમાં વિધાનસભા ચૂંટણી યોજાય તે માટેના વાંધા-સૂચનો પણ રજૂ કર્યા હતા. જેમાં રાજકીય પક્ષોએ ખાસ તો, ચૂંટણી દરમ્યાન નાણાંનો દૂરપયોગ ના થાય તે જોવા, મતદારયાદીમાં કોઇ ગડબડ ના થાય તે માટેની તકેદારી રાખવા, વોટર સ્લીપની વહેંચણી સરકારી અધિકારી દ્વારા જ કરવામાં આવે સહિતના વિવિધ મુદ્દાઓ પરત્વે રજૂઆત અને માંગણી કરી હતી.

**પુર રાહત અને વસવાટના કામ હજુ પરિપૂર્ણ થયા નથી તેવી રાજ્ય સરકારની રજૂઆત હતી : ટૂંક સમયમાં જ ચૂંટણી માટેની તારીખ વિચારણા બાદ જાહેર**

ચૂંટણીમાં સરકાર વિરૂદ્ધ મતદાન કરવાની ચેતવણી

# ગુજરાત જન અધિકાર મંચ દ્વારા ૧૭મીએ સંમેલન થશે

અમદાવાદ,તા. ૧૨

ગુજરાત રાજયના બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ અને આઉટસોર્સ કર્મચારીઓના કિસ્સામાં અગાઉ રાજય સરકારે યોગ્ય નિરાકરણ લાવવાની આપેલી બાંહેધરીનું પાલન નહી થતાં અને આ તમામ લોકોના પડતર પ્રશ્નોનું સુખદ સમાધાન નહી થતાં ગુજરાત જન અધિકાર મંચ દ્વારા તા.૧૬મી ઓકટોબર સુધીનું રાજય સરકારને અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. જો સરકાર દ્વારા તા.૧૬મી સુધીમાં તાત્કાલિક નિર્ણય નહી લેવાય તો, તા.૧૭મી ઓકટોબરના રોજ ગુજરાત જન અધિકાર મંચના નેજા હેઠળ ગાંધીનગરમાં જન વેદના મહાસંમેલન યોજાશે. જેમાં રાજયભરમાં હજારો બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ-આઉટસોર્સ કર્મચારીઓ સહિતના લોકો જોડાશે એમ ગુજરાત જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને શહેર પ્રમુખ હિતેશ ગુપ્તાએ અત્રે જણાવ્યું હતું. જો ગુજરાત સરકાર બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ અને આઉટસોર્સ કર્મચારીઓના મુદ્દે અમારા આંદોલન બાદ પણ જો હકારાત્મક નિર્ણય લઇ તેનો અમલ નહી કરે તો રાજયના આ હજારો બેરોજગાર યુવાનો, આંગણવાડી બહેનો, આશાવર્કર, ખેડૂતો અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ સહિતના હજારો લોકો આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત સરકાર વિરૂધ્ધ મતદાન કરી પોતાનો આક્રોશ વ્યકત કરશે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને શહેર પ્રમુખ હિતેશ ગુપ્તાએ વધુમાં જણાવ્યું હતું કે, કોન્ટ્રાકટ કર્મચારીઓ માટે સમાન કામ, સમાન વેતનની નીતિ અખત્યાર કરી તેનો અમલ કરવા, ખેડૂતો માટે ૫૦૦ મીટરનો વિસ્તાર ઈકોઝોન અને તેમની લોન માફીની માંગણી, આશાવર્કર અને આંગણવાડી બહેનોને તેમના કામ પ્રમાણે વેતન, બેરોજગાર યુવાનોને તાકીદે રોજગારી, ફિકસ પગાર પ્રથા કાયમી ધોરણે બંધ કરવામાં આવે, કાયમી કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવામાં આવે સહિતની બાંહેધરી અગાઉ ખુદ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી હતી પરંતુ તેને એક વર્ષ વીતી ગયા બાદ પણ સરકાર દ્વારા તેનું પાલન કરાયું નથી. જેને લઇ રાજયના હજારો બેરોજગાર યુવાનો આંગણવાડી બહેનો, આશાવર્કર, ખેડૂતો અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ સહિતના હજારો લોકોમાં સરકાર પરત્વે ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે. હજારો બેરોજગાર યુવાનો આંગણવાડી બહેનો, આશાવર્કર, ખેડૂતો અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓના મુદ્દે અમે રાજયના મુખ્યમંત્રીને તા.૧૬મી ઓકટોબર સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે, જો ત્યાં સુધીમાં સરકાર દ્વારા ઉપરોકત માંગણીઓ અંગે હકારાત્કમ નિર્ણય નહી જાહેર કરાય તો, તા.૧૭મી ઓકટોબરે ગાંધીનગરમાં ગુજરાત જન અધિકાર મંચના નેજા હેઠળ ગાંધીનગરમાં જન વેદના મહાસંમેલન યોજવામાં આવશે, જેમાં રાજયમાં હજારો બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ-આઉટસોર્સ કર્મચારીઓ સહિતના લોકો જોડાશે. જો સરકાર આંદોલન બાદ પણ નહી માને તો, આ તમામ લોકો વિધાનસભા ચૂંટણીમાં સરકાર વિરૂધ્ધ મતદાન કરી હજારો-લાખો મતોનું નુકસાન પહોંચાડશે.

**બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો અને ખેડૂતો સહિતના હજારો લોકો મહાસંમેલનમાં જોડાઈ શકે**

# પાટીદાર સમુદાયના યુવાનો પરના કુલ ૨૪૫ કેસો પરત લેવાયા

(માહિતી બ્યુરો), ગાંધીનગર, તા.૧૨

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે રાજય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતમાં પાટીદાર અનામત આંદોલનના કેસો પરત ખેંચવા અંગે ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યુ છે કે, પાટીદાર અનામત આંદોલન સંદર્ભે પાટીદાર સમાજ સાથે યોજાયેલ બેઠકમાં પાટીદાર સમાજના આગેવાનોને રાજય સરકાર દ્વારા કેસો પાછા ખેંચવાની અપાયેલી ખાતરીના ભાગ રૂપે પાટીદાર અનામત આંદોલન અને ત્યારબાદ પોલીસ સાથે થયેલ ધર્ષણ દરમ્યાન પાટીદાર સમુદાય ઉપર નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૧૩૬ કેસો પાછા ખેંચાયા છે. આજે ૧૩૬ કેસો મળી કુલ અત્યાર સુધીમાં ૨૪૫ જેટલા કેસો પરત ખેંચવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પાટીદાર આંદોલન સમયે રેલવે એકટ હેઠળ નોંધાયેલ કેસો પરત ખેંચવા અંગે ખાસ મંજુરી લેવી જરૂરી છે. રાજય સરકાર દ્વારા રેલવે મંત્રી પિયુષ ગોયલને પત્ર પાઠવીને આ અંગેના કેસો પરત ખેંચવા વિનંતી કરવામાં આવી છે. જેની મંજુરી ટુંક સમયમાં મળ્યા બાદ આ કેસો ઝડપથી પરત ખેંચવામાં આવશે.

આ પત્રકાર પરિષદમાં રાજય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, પાટીદાર આંદોલન અને ત્યાર પછી પાટીદાર સમુદાયના લોકો સામે નોંધાયેલા કેસો ઝડપથી પરત ખેંચવા જિલ્લા મેજીસ્ટ્રેટ અને સંબંધિતોને સુચના આપવામાં આવી છે. ૪૨ સિવાયના બાકીના કેસો આગામી બે-ત્રણ દિવસમાં પરત ખેચવાની પ્રક્રિયા પૂર્ણ કરાશે. આ ઉપરાંત આ આંદોલન દરમ્યાન નોંધાયેલા મોટા અને ગંભીર કેસો અંગે આગામી સમયમાં અલગથી નિર્ણય કરવામાં આવશે, તેમ પણ રાજય ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યુ હતુ.

બાઈક પર પાછળ બેઠેલ શખ્સ ગંભીર રીતે ઘાયલ

# આશ્રમરોડ પર એસટી અને બાઈક વચ્ચે અકસ્માત થયો

અમદાવાદ, તા.૧૨

શહેરના આશ્રમ રોડ પર ઈન્કમટેક્સ સર્કલ નજીક ગઇ મોડી રાત્રે એસ.ટી બસના ડ્રાઇવરે એક બાઇકને જોરદાર ટક્કર મારતાં બાઇકચાલક શખ્સનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું., જયારે તેની પાછળ બાઇક પર બેઠેલા અન્ય શખ્સને ગંભીર ઇજાઓ થતાં તેને સારવાર અર્થે વી.એસ.હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અકકસ્માત બાદ ગભરાઇ ગયેલો એસટી બસનો ડ્રાઇવર એસટી બસ ત્યાં જ મૂકીને ભાગી ગયો હતો. નવરંગપુરા પોલીસે સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી આરોપી ડ્રાઇવરની તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે, નવરંગપુરા વિસ્તારમાં આવેલ જીવનકમલ બિલ્ડીંગમાં બલવંતસિંહ રાજપૂતની સીકયોરીટીમાં દેવનાથ પ્રેમચંદ(ઉ.વ.૨૧) અને મુકેશ ભંડારી સીકયોરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગઇકાલે રાત્રે મુકેશ અને દેવનાથ બંને બાઇક લઇ ઘેર જવા નીકળ્યા હતા ત્યારે આશ્રમરોડ પર ઈન્કમટેક્સ સર્કલ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એસટી બસના ડ્રાઇવરે તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે બાઇક પરના બંને સીકયોરીટી ગાર્ડ યુવક ફંગોળાયા હતા અને નીચે પટકાયા હતા. જેમાં દેવનાથ પ્રેમચંદનું ગંભીર ઇજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજયુ હતુ, જયારે મુકેશ ભંડારી પણ ગંભીર રીતે ઘાયલ થતાં તેને તાત્કાલિક વી.એસ.હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. અકસ્માતને પગલે લોકોના ટોળા ઘટનાસ્થળે એકત્ર થઇ ગયા હતા. જો કે, અકસ્માતથી ગભરાઇ ગયેલો એસટી બસનો ડ્રાઇવર પોતાની બસ ત્યાં જ મૂકીને ફરાર થઇ ગયો હતો. નવરંગપુરા પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી તપાસ હાથ ધરી આરોપી એસટી બસ ડ્રાઇવરની તપાસ હાથ ધરી છે.

**એસટી બસની ટક્કરથી બાઈક પર જઈ રહેલા સિક્યુરિટી ગાર્ડનું કરૂણ મોત થયું : એસટી બસનો ડ્રાઈવર પલાયન**

ગોધાવી ગામના તળાવથી યુવકની લાશ મળી હતી

# યુવકની માથામાં હથિયારના ઘા મારીને હત્યા થઈ : રિપોર્ટ

અમદાવાદ,તા.૧૨

શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા એક રબારી યુવકની લાશ થોડા દિવસ પહેલાં સાણંદ પાસેના ગોધાવી ગામના તળાવમાંથી મળી આવી હતી, જે ચકચારભર્યા પ્રકરણમાં યુવકના લાશના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, યુવકની માથામાં તીક્ષ્ણ હથિયારના કારણે હત્યા કરાઇ હોવાનું જણાયું હતું. પોલીસ તપાસમાં સમગ્ર વિગતો સામે આવી હતી કે, મરનાર યુવક વિપુલ દેસાઇ ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા જમીનદલાલ ઇશ્વરભાઇ દેસાઇનો પુત્ર હતો અને તે બનાવ વખતે તેના સસરાને ત્યાં જવાનું કહીને નીકળ્યો હતો અને તે ઘેર પરત ફર્યો ન હતો. આખરે તેની લાશ સાણંદ પાસેના ગોધાવી ગામના તળાવમાંથી મળી આવી હતી. અંગત અદાવતમાં યુવકની હત્યા થઇ હોવાનું પોલીસ માની રહી છે. જો કે, હવે પીએમ રિપોર્ટમાં બધી બાબતો સ્પષ્ટ થઇ ગયા બાદ પોલીસે આરોપી હત્યારાઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગેની વિગત એવી છે કે, ગત તા.૩-૧૦-૨૦૧૭ના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદ પાસે ગોધાવી ગામના તળાવમાંથી એક યુવકની લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં જબરદસ્ત ચકચાર મચી ગઇ હતી. સ્થાનિકો દ્વારા બોપલ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસનો સ્ટાફ અને કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને જરૂરી પંચનામું કરી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક ૨૫ વર્ષના આશરાનો અને તે શહેરના ઘાટલોડિયા વિસ્તારનો રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવકની લાશને પીએમ અર્થે મોકલી આપી હતી અને તેના રિપોર્ટના આધારે હકીકતો સ્પષ્ટ થશે તેમ જણાવ્યું હતું. દરમ્યાન યુવકનો પીએમ રિપોર્ટ આવતાં તેના માથામાં તીક્ષ્ણ હથિયાર વડે ઇજા પહોંચાડી હત્યા કરાઇ હોવાની વાતનો ખુલાસો થતાં પોલીસે હવે સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસતપાસમાં એ હકીકત પણ સામે આવી હતી કે, મરનાર યુવક વિપુલ દેસાઇ ઘાટલોડિયાની ભાગ્યોદય સોસાયટીમાં રહેતા ઇશ્વરભાઇ દેસાઇનો પુત્ર હતો. ઇશ્વરભાઇ દેસાઇ જમીનદલાલીનું કામ કરે છે. તેમનો મોટો પુત્ર વિપુલ દેસાઇ અને નાનો પુત્ર વિશાલ દેસાઇ ગુરૂકુળ વિસ્તારમાં અમૂલ પાર્લર ચલાવે છે. વિપુલના લગ્ન થોડા સમય પહેલાં થલતેજ વિસ્તારમાં રહેતા રણછોડભાઇની પુત્રી દિપીકા સાથે થયા હતા. તેની પત્ની છેલ્લા એક વર્ષથી રિસાઇને પિયર જતી રહી હતી. ગત તા.૨જી ઓકટોબરના રોજ વિપુલ એકટીવા લઇ તેના સસરાના ઘેર જવાનું કહીને ઘેરથી નીકળ્યો હતો. રાત્રે વિપુલના મિત્રનો ઇશ્વરભાઇ પર ફોન આવ્યો હતો કે, વિપુલ રિસાયો છે અને મારી ગાડી લઇ ગયો છે. તે ઘેર આવવાની ના પાડે છે. તેમણે કારણ પૂછતાં સંજયે ફોન મૂકી દીધો હતો. બાદમાં વિપુલનો મોબાઇલ બંધ આવતો હતો. જેથી ઇશ્વરભાઇએ સંજયને ફોન કરી જણાવ્યું કે, વિપુલ રિસાયો હોય તો તેને સમજાવીને ઘેર લઇ આવ અને તેનો ફોન બંધ આવે છે તો તેની બેઠક હોય ત્યાં તપાસ કરવા જણાવ્યું હતું. વિપુલના મિત્ર અને તેના ભાઇએ તેની ગોતા, વૈષ્ણોદેવી, ખોરજ કેનાલ સહિતના સ્થળોએ તપાસ કરી હતી પરંતુ તેની ભાળ મળી ન હતી. બીજા દિવસે તેની લાશ ગોધાવી ગામના તળાવમાંથી મળી આવી હતી. પોલીસ અંગત અદાવતમાં વિપુલની હત્યા કરાઇ હોવાનું માની રહી છે, જો કે, તપાસ હજુ ચાલુ છે.

**મરનાર યુવક ઘાટલોડિયાના જમીન દલાલનો પુત્ર હતો, હત્યારાઓએ તેની હત્યા કરી લાશ તળાવમાં ફેંકી દીધી**

વીવીપેટ એટલે શું તેને લઈને લોકોમાં ઉત્સુકતા

# ચૂંટણી માટે ૭૬ હજારથી વધુ વીવીપેટ મશીન આપી દેવાયા

અમદાવાદ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ડિસેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણીઓ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૭૬ હજારથી વધુ વીવીપેટ મશીન ફાળવવામાં આવ્યા છે. જે પૈકી આશરે ૪૬ હજાર વીવીપેટ મશીન તો બ્રાન્ડ ન્યુ હશે. સાથે સાથે આ વખતની વિધાનસભા ચૂંટણીમાં મતદાન દરમ્યાન ૨૦૦૬ પહેલાના ઈવીએમ ઉપયોગમાં લેવાશે નહી એવો પણ કેન્દ્રીય ચૂંટણી પંચે નિર્ણય કર્યો છે. એટલે કે, વિધાનસભા ચૂંટણીમાં ૨૦૦૬ પહેલાના ઈવીએમ મતદાન પ્રક્રિયામાં હટાવી લેવાશે. દેશમાં ગોવા પછી ગુજરાત એવું બીજું રાજય બનશે કે, જયાં વિધાનસભા ચૂંટણીઓમાં ઈવીએમ મશીનની સાથે સાથે વીવીપેટ મશીનનો ઉપયોગ થશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સૌપ્રથમવાર વીવીપેટ મશીનનો ઉપયોગ થવા જઇ રહ્યો છે. ત્યારે સામાન્ય જનતાના મનમાં વીવીપેટ એટલે શું એ સમજવાનો સ્વાભાવિક પ્રશ્ન સર્જાયો છે. વીવીપેટ એટલે વોટર વેરીફાઇડ પેપર ઓડિટ ટ્રેઇલ- સરળ શબ્દોમાં સમજીએ તો મતદારે પોતાનો જે મત આપ્યો હશે તે વીવીપેટ મશીનમાં એક ચબરખીમાં પ્રિન્ટ થઇ ચોરસ નાના ખાનામાં દેખાશે. પ્લાસ્ટિકના કાચમાંથી મતદાર પોતાનો મત જોઇ શકે તે માટે સાત સેકન્ડ સુધી આ સ્લીપ(ચબરખી) એમ ને એમ રહેશે અને પછી આ ચબરખી કટ થઇને વીવીપેટ મશીનના ખાનામાં અંદર કટ થઇને આપોઆપ પડશે અને સચવાઇ રહેશે. વીવીપેટ મશીનનો સૌથી મોટો ફાયદો એ છે કે, મતદાર પોતે જોઇ શકશે અને ખરાઇ કરી શકશે કે તેણે કયા પક્ષ અને ઉમેદવારને મત આપ્યો છે. વીવીપેટ મશીનની ચબરખી(સ્લીપ)માં મતદારે જે ઉમેદવારને મત આપ્યો હશે તેનું નામ અને તેના પક્ષનું ચિહ્ન આવી જશે. ગુજરાત રાજયની ૧૮૨વિધાનસભા બેઠકોના ૫૦૧૨૮ પોલીંગ સ્ટેશનો પર આ વખતે સૌપ્રથમવાર વીવીપેટ મશીનનો ઉપયોગ થશે. ચૂંટણી પંચે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું છે કે, જે મતદાનમથકો પર ઈવીએમમાં વિવાદીત સંજોગો ઉભા થશે તો તેવી પરિસ્થિતિમાં વીવીપેટ મશીનની સ્લીપની ગણતરી કરવામાં આવશે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણીઓમાં મતદારોમાં વીવીપેટ મશીન અંગેની જાગૃતિ કેળવાય તે હેતુથી આગામી દિવસોમાં રાજયના દરેક જિલ્લાઓમાં અને ગામેગામ વીવીપેટ મશીનથી સજ્જ ખાસ મોબાઇલ ડેમોન્સ્ટ્રેશન વાન ફરતી કરવામાં આવશે, જેના મારફતે સ્થાનિક લોકોને તેનું ડેમોન્સ્ટ્રેશન કરી સમજાવાશે અને વીવીપેટ મશીન વિશેની જાગૃતિ ફેલાવાશે.

**આશરે ૪૬,૦૦૦ વીવીપેટ મશીન તો બ્રાન્ડ ન્યુ જ રહેશે વર્ષ ૨૦૦૬ પહેલાના ઈવીએમ તો ચૂંટણીમાં નહી વપરાય**

ધીમી કામગીરીથી રહીશો-વાહન ચાલકો પરેશાન

# અમદાવાદમાં ફ્લાય ઓવર બ્રિજ નિર્માણના કામો ધીમા

અમદાવાદ, તા.૧૨

રાજયમાં જયાં એક તરફ વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યાં બીજી તરફ આ ચૂંટણી અગાઉ લોકાર્પણ માટે ઉત્સુક બનેલા શાસકોની વચ્ચે અમદાવાદ શહેરમાં અલગ અલગ ચાર જેટલા ફ્લાયઓવરની ધીમી ગતિથી ચાલી રહેલી કામગીરીને લઈને સ્થાનિક રહીશો ઉપરાંત હજારો વાહન ચાલકો પરેશાન બની રહ્યા છે ઉપરાંત રોજબરોજ નાના-મોટા અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે.આ અંગે મળતી વિગતો અનુસાર,અમદાવાદ શહેરમાં હાલ કુલ મળીને ચાર જેટલા ફ્લાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે.જેમાં પશ્ચિમ વિસ્તારમાં ઈન્કમટેકસ ફ્લાયઓવર, અંજલિ ફ્લાયઓવર,પૂર્વ વિસ્તારમાં નારોલ ફ્લાયઓવર અને ઉત્તરઝોનમાં મેમ્કો ફ્લાયઓવરબ્રિજનો સમાવેશ થાય છે.જયાં સુધી શહેરના અંજલિફ્લાયઓવરબ્રિજનો પ્રશ્ન છે તો આ વિસ્તારની સોસાયટીઓના સ્થાનિક રહીશો દ્વારા કરવામા આવેલી ઉગ્ર રજુઆત બાદ અંજલિફ્લાયઓવરબ્રિજની કોન્ટ્રાકટર દ્વારા કરવામા આવી રહેલી કામગીરી રાત્રીના ૧૨ થી સવારના ૬ સુધી ન કરવા ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા કોન્ટ્રાકટરને આદેશ કરવામા આવ્યો હતો.

હકીકતમાં સ્થાનિક રહીશો દ્વારા ફ્લાયઓવરબ્રિજની ચાલી રહેલી કામગીરીનો લઈને પછાડવામા આવતા હથોડાના અવાજ રાતની ઉંઘ વેરણ કરતા હોઈ રાત્રીના ૧૦ થી સવારના ૬ સુધી કામગીરી બંધ રાખવા રજુઆત કરવામા આવી હતી.ઈન્કમટેકસ ફ્લાય ઓવર બ્રિજને લઈને રોજબરોજ નાના મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.આજ પ્રમાણેની પરિસ્થિતિ ઉત્તરઝોનમાં ચાલી રહેલી મેમ્કોફ્લાય ઓવરબ્રિજની કામગીરીને લઈ બંને તરફ આવેલા સર્વિસરોડ એટલા સાંકડા બની ગયા છે કે લોકોને આવવા-જવામા પણ ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે.આ સાથે જ શહેરના પૂર્વ વિસ્તારમાં નરોડા હાઈવેને જોડતા ૧૦૦ મીટર લાંબા એવા નારોલ ફ્લાયઓવરબ્રિજનું કામ ચાલી રહ્યુ છે.રૂપિયા ૧૧૫ કરોડના ખર્ચથી નારોલ અને મેમ્કો ફ્લાય ઓવરબ્રિજની કામગીરી હાલ ચાલી રહી છે.પરંતુ સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ નારોલ ખાતે છે અહીં રોજ હજારો વાહનો પસાર થાય છે સેન્ટ્રલ વર્જ પણ તુટી ગઈ છે ઉપરાંત ટ્રાફિક પ્રભાવિત થતો હોઈ ધીમી ગતિથી ચાલી રહેલી કામગીરીને લઈને પરેશાની છે.

**ઈન્કમટેકસ, અંજલિ ,નારોલ સહિતના ઘણા વિસ્તારોમાં વારંવાર અકસ્માતો , ઉડતી ધુળ ,અવાજથી રહીશો હેરાન**

માલિક : સુરનિશા પબ્લિકેશન લિમિટેડ વતી, મુદ્રક-પ્રકાશક તંત્રી : નિશાબેન સુરેન્દ્રસિંહ રાજપુતે લક્ષ્મી ઓફસેટ ચામુંડા મંદિર પાસે, અમદુપુરા, નરોડા રોડ, અમદાવાદથી છપાવીને એફ-૪, વિશાલ કોમર્શિયલ સેન્ટર આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.